Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૨ મું. સંવત ૨૦૦૧

અંક ૪ થો. કાર્તિક : નવેમ્બર

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સિદ્ધાચલ દર્શન... ... | ૬૫ | ૬ પરમાર્થસૂચક વસ્તુ વિચાર સંગ્રહ | ૭૫ |
| ૨ આ૦ 'પ્રકાશ' પત્રની ભાવના... | ૬૭ | ૭ યોગની અદ્દભુત શક્તિ ... | ૭૮ |
| ૩ "વિચાર શ્રેણી" ... ... | ૬૮ | ૮ મદનો શિકાર ... ... | ૮૦ |
| ૪ પ્રાચીન ગુજરાતી સાહિત્ય ... | ૭૨ | ૯ વર્તમાન સમાચાર ... ... | ૮૧ |
| ૫ ઋષભદેવ સ્તવન ... ... | ૭૪ | | |


### આ માસમાં થયેલ માનવંતા પેટ્રન તથા લાઇફ મેમ્બરો.

૧ શેઠ જાદવજી નરસીદાસ **પેટ્રન** ભાવનગર

૨ શ્રી પાટણ જૈન [illegible]મંડળ પ્રથમ વર્ગના લાઇફમેમ્બર પાટણ

૩ શાહ કુંવરજી જેઠાભાઈ બીજા વર્ગના લાઈફમેમ્બર ભાવનગર

૪ શાહ રમણિકલાલ ન્યાલચંદ ,, ભાવનગર

૫ શેઠ વનમાળીદાસ ઝવેરચંદ ,, મુંબઇ

૬ શાહ બહેચરદાસ પરમાણંદદાસ ,, મુંબઇ

૭ શાહ ભોગીલાલ બાદરચંદ ,,

૮ શાહ ખીમચંદ રાયચંદ વાર્ષિક મેમ્બર ,,

### હવે પછી થનારા લાઇફમેમ્બરોને નમ્ર સૂચના.

આ સભામાં હવે પછી થનારા લાઇફમેમ્બરોને નીચે લખ્યા મુજબના છપાતા અપૂર્વ મોટા ગ્રંથો ભેટ મળશે.

આ સભામાં લાઇફમેમ્બરોના બે વર્ગો છે. રૂા. ૧૦૧) એકીસાથે આપનારને ગમે તેટલી મ્હોટી ભારે કિંમતના ગ્રંથો ભેટ મળી શકે છે. રૂા. ૫૧) એકીસાથે આપનારને રૂા. ૨) ની કિંમતના તમામ ગ્રંથો ભેટ અને રૂા.) બે ઉપરાંતની કિંમતના ગ્રંથો રૂા. બે સભા મજરે આપી બાકીની કિંમતે ભેટ આપે છે. આ સભા તરફથી પ્રગટ થતાં સુંદર મોટા ગ્રંથો **જેમ કોઇ બીજી સંસ્થા પ્રકટ કરતી નથી, તેમ લાઇફમેમ્બરોના બે વર્ગો ઉપર જણાવ્યા તેમ બીજી સંસ્થામાં નથી.** જેથી નીચેના તેમજ તે પછી છપાતા ગ્રંથોનો લાઇફમેમ્બરો થઈ લાભ લેવા જૈન બંધુઓ અને બ્હેનોએ ભૂલવાનું નથી.

### ગુજરાતી ભાષાના છપાતાં ગ્રંથો

**૧ શ્રી સંઘપતિ ચરિત્ર,** સંઘ સાથે તીર્થયાત્રાથી થતા લાભો, કોણ કોણ મહાપુરૂષોએ સંઘ કાઢયા તેનું વર્ણન, શ્રી ભરતમહારાજાની કથા, શ્રી જંબૂસ્વામીનું સુંદર ચરિત્ર, મહાપીઠ તપસ્વીનું સ્વરૂપ અને બીજી અનેક કથાઓ સાથે આવશે (પાના શુમારે ત્રણશેં ચિત્રો સહિત.)

**શ્રી મહાવીર પ્રભુના વખતની મહાદેવીઓ,** નવીન સુંદર ભાવવાહી ચરિત્રો. **લેખક (સુશીલ)** પાના શુમારે અઢીશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૪૨ મું : આત્મ સં. ૪૮ વિક્રમ સં. ૨૦૦૧ : કાર્તિક :
અંક : ૪ થો : વીર સં. ૨૪૭૧ ઈ. સ. ૧૯૪૪ : નવેમ્બર :

# શ્રી સિદ્ધાચલ-દર્શન

( અનુષ્ટુપ-મન્દાક્રાન્તા-માલિની )

દર્શને હર્ષ સૌ પામે, પાપ ટળતાં સ્પર્શને;
સ્તવને પુણ્યદાતા જે, ધન્ય ! **સિદ્ધાદ્રિ** તીર્થને. ૧

તીર્થેકેરી પથરજવડે પુણ્ય પામે અધર્મી,
તેને સેવી પુનિત મનુજો થાય સાચા સુધર્મી;
પૂજી ભાવે નિજરૂપ કર્યું પ્રાપ્ત **શ્રી ચન્દ્રરાજે**,
એથી જ્ઞાની દરશન કરે આત્મની સિદ્ધિ કાજે. ૨

કંકરે કંકરે માનો સિદ્ધિ **શત્રુંજય** વિષે,
તીર્થમાં શ્રેષ્ઠતા ભાવી પુણ્યદાતા ભૂમિ દિસે. ૩

એવા તીર્થે પુનિત પગલાં **આદિનાથે** ધરીને,
ત્યાં નવ્વાણું પૂરવ સમયે શુદ્ધ સ્પર્શ કરીને;
ભવ્યો તાર્યા અગણિત, જનોભાવનાએ સ્મરીને,
મોક્ષે જાવા નિજ મન ધરે મોહસિન્ધુ તરીને. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવથી પગ જે માંડે સિદ્ધગિરિની સન્મુખે,
પ્રત્યેક ડગ છોડાવે પાપને, પળતો સુખે. ૫

પ્રાણીકેરાં **વિમલગિરિનાં** દર્શને પાપ છૂટે,
યાત્રા સેવે શુચિતપ ધરી બંધનો સર્વ તૂટે;
સચ્ચારિત્રે કુલ અતિ સુહે, દાન સન્માર્ગ-કામે,
યાત્રા, ધર્મે ભવજલનિધિ પ્રાણી સૌ પાર પામે. ૬

ગિરિ **ભરત** નરેન્દ્રે, મૌક્તિકોથી વધાવ્યો,
પુનિત અતિ સુવર્ણે, **વિક્રમે** ભાવ ભાવ્યો;
સુખકર કરી યાત્રા, **સંપ્રતિ, ખારવેલે,**
જિનવરપદ સેવ્યા, ભૂપ **કુમારપાલે.** ૭

અરિ નિજ હૃદયના, જીત શત્રુંજયે તું,
પ્રભુ, ગુરુવર, ધર્મે, ધાર શ્રદ્ધા ઉરે તું;
સમકિત ગુણધારી, ભાવના ગાઈ દેવે,
**અજિતપદ** સુરાગી, તીર્થ **હેમેન્દ્ર** સેવે. ૮

**મુનિશ્રી હેમેન્દ્રસાગરજી.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ૦ 'પ્રકાશ' પત્રની ભાવના.

હરિગીત છંદ

વર્ષો ગયાં, વહેતાં અને, આયુષ્ય પણ ઓછું થયું,
સિંહાવલોકન કરી જુઓ, શું આપના કરમાં રહ્યું;
રાત્રિ-દિવસ ને ઘડી પળો, નજરેથી ચાલ્યાં જાય છે,
ગુણવંત મારા ગ્રાહકો! કેં, પૂછવા મન થાય છે. ૧

પૂજ્યા પ્રભુને પ્રેમથી?, ગુરુદેવને આરાધીયા?,
કલ્યાણ કરવા આત્મનું કેં, યોગ-તપ-જપ સાધીયા?
મન-કર્મ-વાણીથી કહો, પરમાર્થના પંથે વળ્યા?
ગુણવંત મારા ગ્રાહકો, "સાચી કમાણી શું રળ્યા"! ૨

દરમાસ હું દર્શન કરું છું, આપના હિત કારણે,
સેવા બજાવું શુદ્ધ કે, દઉં બોધ ભવજળતારણે;
શાસ્ત્રજ્ઞ પંડિતવર્યના, લેખો લઇ કરમાં ધરું!
શું તત્વ તેમાંથી ગ્રહ્યું, એ પ્રશ્ન પ્રેમે ઉચ્ચરૂં. ૩

તીર્થો વ્રતો કીધાં તમે?, કેં દ્રવ્ય દાને વાપર્યું?
રંકો-ગરિબોનું રૂદન, ધાર્મિક થઈ હૃદયે ધર્યું?
સેવા કરી કેં દેશની, દુઃખીયાંતણાં દર્દો હણ્યાં?
ગુણવંત મારા ગ્રાહકો, સત્કર્મના મહેલો ચણ્યા! ૪

બાજી હજી છે હાથમાં, આરોગ્ય તન આબાદ છે,
પરમાર્થ કરી લ્યો પ્રેમથી, જીવ્યાતણો એ સ્વાદ છે;
ચેતાવું છું-ચેતો અરે!, શિર ઉપર કાળની ફાળ છે,
ગુણવંત મારા ગ્રાહકો, આ જૂઠી જગજંજાળ છે. ૫

હિસાબ ચોખ્ખો રાખજ્યો, હિસાબી બહુ બહાદુર છે,
નિજ કર્મકેરો ચોપડો, જેમાં જીવનનું નૂર છે;
બસ! એ જ મારી ભાવના, હંમેશાં ઉરમાં છે ભરી,
ગુણવંત મારા ગ્રાહકો, સ્વીકારશો વિનતિ ખરી. ૬

**રેવાશંકર વાલજી બધેકા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " વિચારશ્રેણી "

આ. શ્રી કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

૧ સંસારમાં જીવો અનીતિ તથા અધર્મનું આચરણ કરીને દુઃખોથી રક્ષણ મેળવવા પૂર્વે ઉપાર્જન કરેલા પુન્યને વાપરે છે, અર્થાત્ અધર્મ કરવા છતાં જે જીવો દુઃખ ન ભોગવતાં જે સુખ ભોગવે છે તે પૂર્વજન્મના પુન્યનો જ પ્રભાવ છે.

૨ મિથ્યાભિમાની માનવીઓ ભલે માની લે કે અમે સુખ મેળવવામાં તથા સુખ ભોગવવામાં સ્વતંત્રપણે સમર્થ છીએ; પણ પુન્ય નાશ થતાં તેમનું મિથ્યાભિમાન ટકી શકતું નથી. પુન્ય ક્ષીણ થતાંની સાથે જ સુખના સઘળા ય સાધનો નાશ પામી જાય છે.

૩ અનેક ભવોમાં અનેક પ્રકારનાં કષ્ટ વેઠી ભેગા કરી રાખેલા પુન્યને ધર્મદષ્ટિથી જીવમાત્રનું રક્ષણ કરી, જીવોના અશુભ કર્મના ઉદયથી ઉદયમાં આવેલા દુઃખોમાં નિમિત્તભૂત ન બની, પોતાના આત્માને દુર્ગતિમાંથી બચાવી વિકાસી બનાવવા વાપરનારો ડાહ્યો માણસ કહેવાય છે.

૪ પુણ્યનો ઉપયોગ પુણ્યકાર્યમાં જ થવો જોઇએ. પુણ્યના ઉદયથી પૌદ્‌ગલિક સુખના સાધનો મળે તો તેનો પણ પુણ્ય કાર્યમાં ઉપભોગ કરવો; પૌદ્‌ગલિક સુખોમાં લીન બની પુન્ય કાર્ય વિસારી દેવું ન જોઇએ.

૫ સાચા સુખ માટે બનાવટી સુખના સાધનોનો ત્યાગ કરવો. સાચું સુખ મેળવવા જેટલું પુન્ય ન હોય તો તેટલું પુન્ય ભેગું કરવા વૈભવ અને જીવન વાપરી નાખવાં અને સાચું સુખ મેળવવું.

૬ કષાય અને વિષયરૂપ પ્રખર પવનના અનેક પ્રકારની પ્રવૃત્તિરૂપ વાવાઝોડામાં આકડાના રૂની દશાને પ્રાપ્ત થયેલી મનોવૃત્તિવાળા જીવોને શાંતિ, સંતોષ અને સમતા કયાંથી ? અનેક પ્રદેશોમાં ક્ષણિક સ્પર્શવાળા આકડાના રૂની જેમ અનેક વિષયોમાં ક્ષણસ્થાયી મનોવૃત્તિવાળા જીવને આનંદ અને સુખ કયાંથી ? જેટલી અસ્થિરતા તેટલી જ અશાંતિ અને જેટલી અશાંતિ તેટલું જ અસુખ.

૭ શાંતિ તથા સુખના માટે અસ્થિરતા ટાળવી જોઇએ, અસ્થિરતા ટાળવા કષાય-વિષયની મંદતા થવી જોઈએ, અને કષાય તથા વિષયોને મંદ કરવા તેના ઉત્પાદક કારણોથી દૂર રહેવું જોઈયે.

૮ કષાય તથા વિષયને પેદા કરનાર-જાગૃત કરનાર સ્ત્રી, ધન, ઘર, ખેતર, સોનું, રૂપું, ઝવેરાત, બાગ, બંગલા આદિ વસ્તુઓને છોડયા પછી તે જ વસ્તુઓના સંસર્ગમાં રહેનારની ઘણી જ માઠી મનોદશા થાય છે. કષાય તથા વિષય પ્રબળ બની અધિકતર અસ્થિરતા ઉત્પન્ન કરે છે. જેથી કરી જેની પાસે સ્ત્રી, ધન આદિ વસ્તુઓ નથી તે, અને છતીને છોડનાર બંને એક સરખા દુઃખના ભાગી બને છે.

૯ જે કાળે જે ક્ષેત્રમાં શુભ તથા અશુભનો ઉદય થવાનો હોય છે, તે જ કાળે તે ક્ષેત્રમાં માણસને જવા માટે બુદ્ધિ પ્રેરે છે અથવા તો ઉદય તે ક્ષેત્રમાં દોરી લઇ જાય છે. ત્યાં ગયા પછી તે માણસને ઉદયના પ્રમાણમાં સુખ-દુઃખ મળે છે. આ વ્યવસ્થામાં જરાય ફરક પડતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ દવા વિગેરે નિમિત્ત છે, બાકી તો ભાવી નિષ્ફળ થતું નથી. નિમિત્તની પણ ખાસ જરૂરત રહે છે. ભગવાને પણ કોળા પાક ખાધો ત્યારે તેમનો વ્યાધિ ગયો. પોતે જ્ઞાની હતા એટલે જાણતા હતા કે અમુક દ્રવ્યના સંયોગથી મારો રોગ મટશે. આપણે અલ્પજ્ઞ છીયે એટલે આપણને ખબર ન પડે કે કયા દ્રવ્યોના સંયોગથી રોગ મટશે, માટે આપણને ઉપચાર કરવો ઘટે. કયા ઉપચારથી મટશે અને કયારે મટશે તેની ચિંતા કરવાની જરૂરત નથી. અશાતાની શાંતિના સમયે જે ઉપચાર અનુકૂળ હશે તે જ ઉપચાર કરવા આપણી વૃત્તિઓ દોરાશે અને અનુકૂળ સંયોગો પણ મળી આવશે. એટલે આપણને શાતા થતાં વાર નહિં લાગે. માટે શું થશે ? આ રોગ કયારે મટશે ? એવું આર્ત્તધ્યાન કરવાની કાંઇપણ જરૂર નથી.

૧૧ શરીરનો સંબંધ છે ત્યાં સુધી તેની ઉચિત સારસંભાળ રાખવી. શરીરના માટે આપણે કાંઇ ઘણા દુ:ખો વેઠવાની જરૂરત નથી. શરીરનું ઠીક થતું હોય અને આત્માના વિકાસમાં કાંઈક મદદગાર થતું હોય તો થોડું ઘણું સાધારણ નુકશાન વેઠીયે; પણ જ્ઞાન-દર્શનાદિમાં પડેલી ખોટ ઘણા કાળે પણ ન પુરાય તેમજ અનેક ભવો કરી અસહ્ય કષ્ટ વેઠવું પડે તો શરીરની ઉપેક્ષા જ કરવી યોગ્ય છે.

૧૨ સહુ કોઈ દેહના સંબંધી છે, આત્માના નથી. ક્રોડપતિ જીવતો હોય છે ત્યારે તેના પુત્રો તેની સેવા ચાકરી કરે છે, તાબેદારી ઉઠાવે છે, સ્ત્રી ઘણો જ પ્રેમ બતાવે છે, મરી જાય છે ત્યારે રૂદન કરે છે, છાતી કૂટે છે, વરસ દિવસ સુધી શોક પાળે છે, પુત્રો ઘણા જ દુ:ખી થાય છે, શોકથી ઉદાસ રહે છે; પણ મરનાર શેરીમાંનું કૂતરું થયું હોય ને ઘરમાં પેસવા આવે તો ધોકા મારીને બહાર કાઢે છે. મનુષ્ય જન્મમાં અવતર્યા પછી પૂર્વભવનું-જાતિસ્મરણ-જ્ઞાન થયું હોય અને આવીને કહે કે-આ બધી મિલકત મારી છે, તમે મારા પુત્રો છો, આ મારી સ્ત્રી છે, તો તેને મારીને બહાર કાઢશે અને કહેશે કે આ કોઇ ગાંડો માણસ લાગે છે. ગરીબ સ્થિતિમાં ભીખ માંગતો આવશે તો પણ તેને ગાળો ભાંડી બહાર કાઢશે પણ તેની કંગાળ દશા દૂર કરવા ઘણાં પાપ તથા પરિશ્રમ કરી મેળવેલા તેના જ પૈસાનો ઉપયોગ કરશે નહિં.

૧૩ મારાથી શ્રેષ્ઠતર, વિશુદ્ધ અને પૂર્ણ સ્વતંત્ર મહાન શક્તિ કોઇ અદૃશ્યપણે વિદ્યમાન છે તે માટે મારે તેને પરમ પૂજ્ય માનીને તેના આશ્રય નીચે રહેવું જોઇયે. આવી માન્યતા દરેક સંસારવાસીની હોવી જોઇયે. સંસારવાસી જીવો ગમે તેટલા પોતાને સુખી, સમર્થ અને સ્વતંત્ર માને, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં દુ:ખી, અસમર્થ અને પૂર્ણ પરતંત્ર છે. સંસારવાસી જીવોનાં જીવન તપાસો, તેમની જીવનદોરી બીજાના હાથમાં છે.

૧૪ જે માણસોને ખામી જોવાની ટેવ હોય છે, તેમનું વસ્તુની સુંદરતા તથા ગુણ તરફ લક્ષ્ય જતું નથી, તે તેમની ક્ષુદ્રતા જણાવે છે.

૧૫ કોઇના પણ મતનું પૂરું જ્ઞાન કર્યા સિવાય સમજ વગરનું બોલી કોઈપણ મતનો તિરસ્કાર કરવો એ માનવીની મોટી ભૂલ છે.

૧૬ સંસારની પ્રવૃત્તિયોમાં અભ્યાસ તથા ઉપયોગશૂન્ય થવાનું પ્રયોજન અનાદિ કાળથી દરેક પ્રવૃત્તિની દિશા જોયેલી છે માટે આત્મિક પ્રવૃત્તિની દિશા ન જોયેલી હોવાથી ત્યાં અભ્યાસ અને ઉપયોગની ખાસ જરૂરત રહે છે. જાણીતા રસ્તાઓમાં માનવીને ધ્યાન રાખવાની જરૂરત નથી રહેતી, અણજાણ રસ્તામાં ધ્યાન રાખવું જ પડે છે, ન રાખે તો ભૂલો પડી જાય અને જવું હોય ત્યાં ન જઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ સંસારમાં ઘણાખરા જીવો ફરજીઆત જીવે છે; કારણ કે તેઓ દુઃખે જીવે છે. શાથી? ભોગવિલાસનાં સાધનો બીજાને મળેલાં જોઇને પોતાને મેળવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં ન મળવાથી; લાખો અને કરોડોની લાલસા હોવા છતાં ન પૂરાવાથી; બીજાને નિરોગી, સશક્ત અને ખૂબસૂરત જોઇ પોતાના સરોગી, અશક્ત અને કુબડા દેહ ઉપર કંટાળો આવવાથી; જ્યાં જાય ત્યાં અપમાન થવાથી; બીજાના બાગ-બંગલા જોઇ પોતાનું જીર્ણશીર્ણ ઘર ન ગમવાથી; બીજાની પાસે સુંદર વસ્ત્રો અને ઘરેણાં જોઇ પોતાના જીર્ણ તથા ફાટી ગયેલા વસ્ત્રો અને આભૂષણ વગરના દેહ ઉપર અણગમો થવાથી અને કોઇપણ પ્રકારનો પોતાનો સ્વાર્થ ન સધાવાથી અજ્ઞાની જીવો દુઃખે જીવે છે, માટે તેઓ મરજીઆત ન જીવતાં ફરજીઆત જીવે છે.

૧૮ શું તમે ધનવાન છો? તમે ધનવાન છો કે તમારો દેહ ધનવાન છે? મૂલચંદભાઈ, મોતીલાલભાઇ કે પ્રતાપભાઇ ધનવાન છે તેમાં તમારે શું? દેહના નામથી પેઢીઓ ચાલે અને દેહના નામે ધન જમે થાય. તમે તો દેહના પાસે ધન જોઇને ખુશી થાઓ એટલું જ, બાકી તો દેહ તમને પોતાના ધનમાંથી એક પૈસો પણ વાપરવા આપતાં કચવાય છે. તમારે પુન્ય અર્થે ફકીરને અથવા ગરીબને એક પૈસો આપવો હોય છે ત્યારે દેહ તમને આપવાની ના પાડે છે અને કહે છે કે એક પૈસાનું પાન લઇને હું જ કેમ ન ખાઉં.

૧૯ દેહ માને છે કે મેં ઘણાં કષ્ટ વેઠીને પૈસો મેળવ્યો છે, તે આત્માને શા માટે આપું? બાગ–બગીચા–બંગલા બનાવી, સિનેમા–નાટક જોઇ, ગાડી–મોટર રાખી, વસ્ત્ર–આભૂષણો અને ફોનોગ્રાફ વિગેરે વાજિંત્રો વસાવી કે સારાં સારાં ખાનપાન તૈયાર કરાવી મારા આનંદ માટે મારા મેળવેલા પૈસાને હું જ કેમ ન વાપરું? આત્માને ધન આપી દઇ પોતે કંગાળ બની શા માટે દુઃખ ભોગવું?

૨૦ તમે માનો છો કે-ભલે દેહે પૈસો મેળવતાં કષ્ટ સહન કર્યું હોય, પણ માયા, પ્રપંચ, ઠગાઈ અને વિશ્વાસઘાત તો મેં કર્યાં છે માટે મારા શ્રેયાર્થે વાપરવા અને કરેલાં પાપોથી છૂટવા દેહે મેળવેલા પૈસામાંથી મને કેમ ન ભાગ મળે? દેહ માને છે કે–એમ તો જીવવધ કરવામાં તથા અસત્ય બોલવામાં મેં કયાં ખામી રાખી છે?

૨૧ તમે માનો છો કે–દેહની દરેક પ્રવૃત્તિમાં મારી સહાયતા છે. જો હું મદદગાર ન હોઉં તો દેહ કાંઇ પણ કરી શકતું નથી. દેહના કરેલા દરેક અપરાધોની સજા મારે ભોગવવી પડે છે. દેહ કાંઇ સજા ભોગવતી વખતે સજામાંથી છોડાવવા મને મદદ કરતું નથી, પણ દુઃખ ભોગવવામાં નિમિત્ત બને છે. જો ફરીને દેહ ન આવી મળતો હોય તો મને કોઇ પણ પ્રકારનું દુઃખ ન થાય અને સજા પણ ન ભોગવવી પડે પરંતુ મને દુઃખ દેવા પાછું બીજા રૂપમાં આવીને મને હેરાન કરે છે, માટે જો દેહે પોતે મેળવેલા પૈસામાંથી મને ભાગ ન આપવો હોય તો બીજું રૂપ ધારણ કરી મને વળગે નહિં. અને જો રૂપ બદલી મારી પાસે આવવું હોય તો મને મારા શ્રેય માટે, ભાવિમાં સજાથી થવાવાળા દુઃખોમાંથી છૂટવા માટે પૈસામાંથી ભાગ આપે.

૨૨ સંસારમાં જીવનો દેહ ઉપર અત્યંત સ્નેહ છે. દેહને પોષવા, સુંદર બનાવવા, પુષ્ટ બનાવવા જીવ દુર્ગતિનાં દુઃખો વેઠવા તૈયાર છે. દેહથી જુદા થવામાં જીવને ઘણું જ દુઃખ થાય છે. પોતાની સમગ્ર સંપત્તિ દેહને ખાતર અર્પણ કરવા હમેશાં તૈયાર રહે છે. પોતાને મળેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિંમતી માનવ જીવનને પણ દેહના માટે વેડફી નાંખે છે. દેહના સુખ માટે પરમાત્માનો સંબંધ પણ છોડવા તૈયાર થઈ જાય છે. ચોવીશે કલાક દેહનો દાસ બન્યો રહે છે. પોતે જાણવા છતાં દેહને કુમાર્ગે જવા દઇને સ્વચ્છંદપણે કરેલા દેહના અપરાધોની સજા જીવ પોતે ભોગવી લે છે. દેહના અવયવરૂપ પાંચે ઇંદ્રિયોની જે વખતે જેવી ઇચ્છા થાય છે તે પૂરી પાડવા એક ક્ષણ પણ વિલંબ કરતો નથી.

૨૩ જીવ દેહની સેવામાં પોતાની બધી મિલકત ગુમાવીને ભીખારી બની ગયો છે. દેહના વિલાસની વસ્તુઓ માટે પોતાના શત્રુઓની ઘણી જ ખુશામદ કરે છે અને પોતાની જ્ઞાનાદિક કિંમતી વસ્તુઓના બદલે તુચ્છ અને અસાર જડાત્મક વસ્તુઓ દેહને મેળવી આપે છે. જીવનો ચોવીશે કલાકનો પરિશ્રમ દેહને સુખી કરવાને માટે જ છે. નિવૃત્તિ, વિશ્રાંતિ, શાંતિ, સમતા આદિ જે પોતાને હિત કરવાવાળા પરમ સ્નેહી છે તેને શત્રુ માની તિરસ્કારી કાઢે છે.

૨૪ દેહની શિખામણથી પરમ પવિત્ર ઉચ્ચ આત્માઓની અદેખાઇ કરે છે. પોતાની (જીવ) જાતિનો પરમ દ્વેષી બને છે, દેહના માટે જ સ્વનું અનિષ્ટ ચિંતવી તેને પરિતાપ ઉપજાવવામાં જ જીવ પોતાનું હિત સમજે છે. આવો દેહનો ગુલામ જીવ સ્વ-પરનું શ્રેય કરી સંસારના ચક્રમાંથી બહાર નિકળી શકતો નથી તેમજ પોતાનું સર્વસ્વ મેળવી મોહના આકરા દંડમાંથી મુક્ત થઇ શકતો નથી.

૨૫ લાખપતિ અને ક્રોડપતિ એમ માને છે કે મને જે કાંઇ મળ્યું છે તે મારા જ પ્રારબ્ધનું છે, પણ આવી માન્યતા તદ્દન ભૂલભરેલી છે, કારણ કે તેમણે મેળવેલા ધનમાં અનેકનું પ્રારબ્ધ જોડાયલું હોય છે, અને તેઓ કોઇ ને કોઇ નિમિત્તથી પોતાનો ભાગ લઇ લે છે. રોગ, સેવા, ટંટો-ફીસાદ અને મોજ-શોખ તથા પુત્ર-પુત્રી, સ્ત્રી આદિના નિમિત્તોથી ડોકટર, નોકર, વકીલ, સિનેમા-નાટકવાળા, દરજી, સોની, સુથાર, લુહાર, હજામ અને સગા-સંબંધી વિગેરે પોતાનો ભાગ લીધા વગર છોડતા નથી.

૨૬ જેઓ એમ કહે છે કે અમારે વાર્ષિક પાંચ હજારનું ખરચ છે; પણ ખરૂં જોતાં તો તેમની જાતના માટે શેર અનાજ, બે ચાર સાદાં વસ્ત્ર અને રહેવાને સાદું મકાન જોઇયે, તો તેમાં ઘણામાં ઘણું વાર્ષિક પાંચસોનું ખરચ ગણીએ, અને સંસાર વ્યવહારમાં રીતસરનું ખરચ ગણીયે તો વર્ષ દિવસના બીજા પાંચસો થાય. એટલે વાર્ષિક એક હજારનું ખરચ પોતાની જાતના માટે થાય છે, અને તેમાં તેઓનું પ્રારબ્ધ હોય જ છે. આ પ્રમાણે સંસારમાં માણસો દુઃખ વેઠીને અને અધર્મ તથા અનીતિ કરીને ધન ભેગું કરે છે અને તેને બીજાઓ ખાઇ જાય છે ને પોતે કરેલા પાપની સજા ભોગવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ગુજરાતી સાહિત્ય

શ્રી ડુંગરશી ધરમશી સંપટ.

જૈનોની સાહિત્ય પ્રવૃત્તિ વિશાળ હતી. સંસ્કૃત અને અપભ્રંશ તેમજ માગધી ભાષામ એમણે વિસ્તૃત સાહિત્ય રચ્યું છે. જૈનોના જૂનાં મુનિરાજો સાહિત્ય પ્રવૃત્તિમાં જ મહાલતા હતા. બ્રાહ્મણો સંસ્કૃત ભાષાને જ સાહિત્યના વાહન તરીકે વિશેષ ભાગે ખેડતા હતા. ત્યારે બુદ્ધ ધર્મ અને જૈન ધર્મ પોતાના આગમો પ્રાકૃતમાં વિસ્તારતા હતા. બુદ્ધોએ પાલિમાં પોતાના ધર્મગ્રંથો લખ્યા છે. જૈનોના શ્વેતાંબરોએ અર્ધમાગધી અને દિગંબરોએ શૌરસેનીનો ઉપયોગ કર્યો છે. જૈનો અને બૌદ્ધો બંનેએ લોકોમાં બોલાતી ભાષાનો વિકાસ સાધવા સાહિત્યને ખેડયું છે. બુદ્ધ ધર્મ પછી તરત જ હિંદમાંથી અદૃશ્ય થયો એટલે જૈન સાધુઓના ઉપર પ્રાકૃત ભાષાના ઉદયનું કામ આવી પડયું. તે ભાર એમણે સરસ સફળતાથી ઝીલ્યું છે. અપભ્રંશ ભાષાનો પાયો અને ઇમારત બંને જૈનોના હાથોથી પડયા છે. જૈન જૂના સાધુઓનો વિદ્યાવ્યાસંગ બહોળો અને વિવિધ પ્રકારનો છે અને તે સૈકાઓ સુધી અવિરત રીતે વહ્યા કર્યો છે.

જૈનોના મુનિમહારાજોમાં કેટલાંક તો પહેલી હરોળમાં બેસી શકે તેવા મહા વિદ્વાનો થયા છે. વિક્રમ સંવત ૬૬૪માં કનોજના સમ્રાટ મહારાજા હર્ષના સમયમાં " માનતુંગાચાર્ય " નામે સાધુએ " ભકતામર સ્તોત્ર " રચ્યું. પ્રાકૃત ભાષાનું આ સમયમાં રૂપાંતર થઇને 'અપભ્રંશ' ભાષાનો ફેલાવો થયો. પ્રાકૃત ભાષાનું પ્રથમ સરસ વ્યાકરણ 'ચંડ' નામે જૈન પંડિતે બનાવ્યું છે તેમાં અપભ્રંશ સંબંધી ચર્ચા કરી વિવેચન કર્યું છે. સંસ્કૃતનો પ્રચાર અતિ વિદ્વાનો કરતા હતા, પરંતુ સામાન્ય પંડિતો પ્રાકૃત ભાષામાં ગ્રંથરચનાઓ કરતા હતા. સાધારણ જનસમૂહમાં અપભ્રંશ ભાષા અનેક જાતની પ્રાંતભેદે વપરાતી હતી.

બ્રાહ્મણ હરિભદ્રસૂરિ સમર્થ જૈન સાધુ તરીકે વિક્રમ સંવત આઠસોમાં નીકળ્યા હતા. એ મહા વિદ્વાન્ હતા. એમણે ૧૪૪૪ ગ્રંથો લખ્યાની કિંવદન્તી છે. જો કે હમણાં બહુ થોડા ઉપલબ્ધ થયાં છે. હરિભદ્રસૂરિએ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં વિદ્વત્તાભર્યા પુસ્તકો લખ્યા છે. એ જરૂર પ્રખર અભ્યાસી અને સાહિત્યિક હતા.

સૌરાષ્ટ્રમાં વલ્લભીપુરના પતન પછી અણહિલપુરનો ઉદય થયો. તેની વચ્ચે ભિન્નમાલ–(શ્રીમાલ)નું બળવાન રાજ્ય થઇ ગયું હતું. સંવત ૮૦૨માં શ્રી શીલગુણસૂરિના આશ્રય નીચે વનરાજે ગુજરાતમાં ચાવડા વંશના પાયા અણહિલપુરમાં નાંખ્યા. વનરાજે પંચાસરા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, ચાંપાને મંત્રી અને લહરિ જૈનને દંડનાયક બનાવ્યો. શ્રીદેવી જૈન ધર્મની મહિલાને હાથે રાજતિલક કરાવ્યું. સંવત ૮૩૪માં ઉદ્યોતનસૂરિએ " કુવલયમાલા" કથા પ્રાકૃતની સાથે પૈશાચી અને અપભ્રંશના મિશ્રણવાળી બનાવી. હમણાંના ગુજરાતીઓ ટીકા વગર એ સમજી શકે તેમ નથી.

સંવત ૯૨૫માં શ્રી શીલાચાર્યે પ્રાકૃતમાં " મહાપુરુષ ચરિત્ર " રચ્યું. સંવત ૯૬૨ માં મહાસૂરિ સિદ્ધર્ષિએ ઉપમિતિ ભવપ્રપંચાકથા રચી. એનો સુંદર ગુજરાતી અનુવાદ થયો છે. સંવત ૯૭૫માં વિજયસિંહસૂરિએ પ્રાકૃતમાં ભુવનસુંદરી કથા રચી. દશમી સદી સુધી કુટિલ લિપિ વપરાણી હતી. પછી હમણાંની નાગરી લિપિ ઉપયોગમાં આવી છે. બ્રાહ્મણ મહાકવિ ધનપાલ ધર્મે જૈન હતા. એમણે સંવત ૧૦૨૮માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાકૃતમાં પાઇઅલચ્છીનામમાલા, શ્રાવકવિધિ અને અપભ્રંશમાં બીજા કેટલાક ગ્રંથો રચ્યા છે. સંસ્કૃતમાં તીલકમંજરીનો ગદ્ય ગ્રંથ, કાદંબરીની પદ્ધતિ ઉપર રચ્યો છે. એ મહાન્ વિદ્વાન્ હતા.

સંવત ૧૦૮૦માં શ્રી બુદ્ધિસાગરે સંસ્કૃત અને પ્રાકૃત શબ્દોની સિદ્ધિ માટે વ્યાકરણ બનાવ્યું છે. એણે પણ અનેક ગ્રંથો રચ્યા છે. આબુ ઉપર આરસના મહાન જિનાલય બાંધનાર દંડનાયક વિમલશાહના સમયમાં એ થઇ ગયા.

આ સમય એટલે ૧૧મી સદીના જૈનસાધુઓ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એમ ત્રણે ભાષામાં ગ્રંથો લખતા હતા. અભયદેવસૂરિ, નીમીસૂરિ અને હેમચંદ્રસૂરિએ, તેમજ યશોદેવસૂરિ, વિનયચંદ્રસૂરિ, વાદિદેવસૂરિ, એમણે અનેક ગ્રંથો ત્રણે ભાષામાં બનાવ્યા છે.

મહાવિદ્વાન યુગાચાર્ય જેવા શ્રી હેમચંદ્રાચાર્યે સરસ્વતીદેવીનું વ્યાપક અને વિશાળ આરાધન કર્યું છે. હેમચંદ્રસૂરિની સાહિત્ય પ્રવૃત્તિ અનેકદેશીય અને સંપ્રદાય, જ્ઞાતિ અને વાડાથી પર હતી. હેમચંદ્રસૂરિએ પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, અપભ્રંશ વગેરેના વ્યાકરણો 'સિદ્ધહેમ'માં આપ્યા છે. 'સિદ્ધહેમ'ના આઠમા અધ્યાયમાં વધારે પ્રમાણમાં આપેલ છે. તેમાં અપભ્રંશ સાહિત્યમાંથી સંખ્યાબંધ અવતરણો આપ્યા છે. એ અવતરણો એમણે વધારે પ્રાચીન ગ્રંથોમાંથી લીધા છે. અપભ્રંશ ભાષા એ ગુજરાતીની માતા છે. 'સિદ્ધહેમ'માંથી અપભ્રંશના ઉદાહરણ તરીકે બે દોહા નીચે ઉતારેલ છે.

**ઢોલા મેં તૂટિલારિયા, મા કરૂં દિહ માણું**
**વિણગામાહ, રતડી, દબ્બડ હોઇ બિહાણું**
**બલ્લભયા જુ મારિયા, બાહિણ મારા કન્તુ**
**બજ્જે જન્તુ વયારગત હં,**
**જઇ ભગ્ગાદાર અન્તુ ॥**

ટીકા વગર આ દોહરા સમજવા મુશ્કેલ છે. સરસ્વતીકંઠાભરણકાર ભોજદેવે ગુજરાતીઓ વિષે કહ્યું છે કે—

**अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः ।**

ગુર્જર લોકો પોતાના અપભ્રંશથી પ્રસન્ન છે. બીજી અપભ્રંશ ભાષાથી નહિ.

માર્કંડેય ત્રણ અપભ્રંશોના પ્રકાર નીચે પ્રમાણે સ્વીકારે છે

**नागरो व्राचडश्चोपनागरोति ते त्रयः ।**
**अपभ्रंशाः परे सूक्ष्मभेदत्वादा पृथङ्मता ॥**

'આમનાગર' 'ઉપનાગર' તેમજ 'વ્રાચડ' આ ત્રણ મૂળ અપભ્રંશ છે. બાકીમાં તો ખાસ ભેદ જ નથી એટલે એમની ગણતરી પણ લીધેલ નથી. અપભ્રંશના આમ તો પ્રાંતભેદે ૨૭ ભેદો છે તેમાં ચોવીશમી ગૌર્જર એટલે ગુજરાતી અપભ્રંશ હતી.

મહારાષ્ટ્રિય પ્રાકૃત અને શૌરસેનીમાંથી નાગર અપભ્રંશ નીકળવાનું માર્કંડેય માને છે. તે પ્રથમ અપભ્રંશ કહેવાય છે. એમાંથી 'વ્રાચડ' અપભ્રંશ સિંધમાં થઇ હતી. હેમચંદ્રસૂરિએ તો માત્ર અપભ્રંશ સિવાય બીજું જુદું નામ આપ્યું જ નથી.

ભોજદેવ, લાટવાસીઓ (ભરૂચની આસપાસ) વિષેની ભાષા વિષે અગિયારમી સદીમાં લખે છે કે-પ્રસંગ પડે બધી ભાષાઓને વાપરવી પણ લાટવાસીઓને સંસ્કૃત પ્રત્યે દ્વેષ છે. તેઓને તો સુંદર ભાષા પ્રાકૃત ગમે. અપભ્રંશનો ગૌર્જર નામે ચોવીશમો ભેદ એ ગુજરાતી ભાષા છે.

ગૌર્જર અપભ્રંશ નીચે પ્રમાણે પ્રાકૃત પીંગળમાં આપવામાં આવી છે.

**ગજ્જઉ મેહ કિ અમ્બર શામર**
**હાબઉ ણીવ હિ ભમ્મઉ ભમ્મર**
**એકલી થવ પરાહિણ અમ્માદિદ**
**કીલઉ પાઉશ કીલઉ વમ્હદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઋષભદેવ સ્તવન

આજ દીઠા ઋષભ ભગવાન—આદિ જિનવરજી
મૂર્તિ જોતાં ભૂલાયે ઉરભાન આદિ જિનવરજી. ટેક

કુંવર શ્રેયાંસ કેરો ઇક્ષુરસ ગ્રહ્યા,
તેને અક્ષય સુખસ્વામી પ્રભુજી કર્યો;
એવા પ્રભુજીના ગાઉ ગુણગાન, આદિ જિનવરજી ૧

ક્રોડ સૂરજ સમી ભવ્ય કાન્તિ દિસે,
ચિત્ત લાગ્યું મારૂં એવી પ્રતિમા વિષે;
જેનું ઇન્દ્રો કરે સન્માન, આદિ જિનવરજી. ૨

પુરી વિનિતાના સ્વામી, તજી સંપત્તિ,
કર્મ સર્વે ખપાવ્યાં, કરી ઉન્નતિ;
વૃષભલાંછન ! દીધાં વર્ષાદાન આદિ જિનવરજી. ૩

તજી માયા મમતાને વિરાગી થયા,
સૂત્ર ધાર્યા સર્વોત્તમ અહિંસા દયા;
એવા વિતરાગનું ધરો ધ્યાન આદિ જિનવરજી. ૪

પ્રભુ નિર્વાણ પામ્યા અષ્ટાપદમાં,
ગિરિ મહિમા વધ્યો, સિદ્ધિ કેરા પદમાં;
જાગે દર્શનથી આત્મભાન, આદિ જિનવરજી. ૫

પ્રભુ તારૂં અવલંબન હું પ્યારૂં ગણું,
સર્વ મિથ્યા લાગ્યું સુખ દુનિયા તણું;
ચરણ કમળે લાગ્યું એકતાન આદિ જિનવરજી. ૬

કીર્તિ તારી પ્રમોદ ભવિને ગમે,
નિત્ય રાજેન્દ્ર પ્રેમથી ચરણે નમે;
સદા જયવંત કરૂણા નિધાન આદિ જિનવરજી. ૭

તુજભક્તિ અનુપમને પ્યારી લાગી,
ઉરે અજિત પદવીની લગની લાગી;
મુનિ **હેમેન્દ્ર** ધારે એ ધ્યાન, આદિ જિનવરજી. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થસૂચક વસ્તુ વિચાર સંગ્રહ.

મુનિ૦ પુણ્યવિજય ( સંવિજ્ઞપાક્ષિક )

( ગતાંક વર્ષના પૃષ્ઠ ૧૭૩ થી શરૂ )

મધ્યસ્થદૃષ્ટિ રાખી મહાત્માઓનો સત્સંગ કરતાં તેમણે આપેલા દિવ્ય વિચારરૂપ જ્ઞાનચક્ષુથી ભગવાનનો માર્ગ જોનાર જ ખરેખરો માર્ગ પામી શકે છે; બાકી જાતિ, કુળ, વેષ વિગેરે પર મમત્વ રાખનાર કદિ પણ ભગવાનનો માર્ગ જાણવાને સમર્થ થઇ શકતો નથી. ૧૧૯

રાગદ્વેષથી જેમના ચિત્ત દૂષિત છે અને જેઓ મતના આગ્રહરૂપ ગ્રાહથી ગ્રસાયલા છે તેમની પાસેથી શાસ્ત્રશ્રવણ કરી ભગવાનનો માર્ગ પામવો તે સર્પની પાસેથી અમૃત અને મર્કટની પાસેથી શાન્તતા મેળવવા જેવું છે. ૧૨૦

એક તરફ મત અથવા ગચ્છનો મમત્વ અને બીજી તરફ આત્મતત્ત્વની વાત કરવી એ બનતું નથી. જ્યાં મતનો મમત્વ હોય ત્યાં આત્મતત્ત્વનું જાણપણું હોતું નથી. ૧૨૧

વૃક્ષના મૂળમાં અગ્નિ બળતો છતાં વૃક્ષ લીલું રહે તે સંભવિત નથી, તેમ મમત્વ અને તત્ત્વની વાતને વિસંવાદ છે એટલે મમત્વીઓ યથાર્થ તત્ત્વ જાણે અને કહે તે ઉપર કહેલા વૃક્ષના દૃષ્ટાંત જેવું છે. ૧૨૨

જે એકાંતપક્ષી, ગમે તો દયાપક્ષી હોય વા ભક્તિપક્ષી હોય વા ક્રિયાપક્ષી હોય તો પણ નિરપેક્ષ વચન બોલનાર ચારે ગતિઓમાં ભ્રમણ કરે છે. ૧૨૩

જે મતવાદી અથવા ગચ્છવાદી હોય તેનાથી પ્રાયે તમામ વચનો સાપેક્ષ બોલાય જ નહીં, કારણ કે મતના આગ્રહને લઈને તેવા મમતને ઠેકાણે નિરપેક્ષ વચન બોલે અને તેથી તે ગમે તેવી ક્રિયા કરતો હોય, પણ તેનું ફળ સંસારની વૃદ્ધિ જ છે માટે નિરપેક્ષ વચનવાળો વ્યવહાર જૂઠો કહ્યો છે. ૧૨૪

જે પરમાર્થનો સાધક થાય તે જ સદ્વ્યવહાર છે, જે પરમાર્થનો બાધક થાય તે અસદ્વ્યવહાર છે. સમસ્ત જિનવાણી પણ પરમાર્થમૂળ જિનવચન સાપેક્ષ જે વ્યવહાર છે, તે સાચો વ્યવહાર છે; બાકી બધો વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો વ્યવહાર છે. ૧૨૫

જ્યારે કોઇપણ વાતનો પક્ષ થાય છે ત્યારે તે પક્ષને મજબૂત કરવા વચન બોલવું પડે છે. આવા પક્ષ ગ્રહણ કરેલાઓથી ખરેખરું બોલાતું નથી તેથી જે પક્ષમાં પોતે હોય તે પક્ષની પરંપરામાં જે દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ કહ્યું હોય તે જ તે કહે છે અને તેમ ન કરનાર અથવા ન માનનાર ઉપર આક્ષેપ પણ કરે છે. આવા પક્ષપાતીના વચનથી ખરેખરા દેવ, ગુરુ અને ધર્મની ઓળખાણ થતી નથી અને સદ્દેવ, સદ્‌ગુરુ અને સદ્ધર્મની શુદ્ધતા ન થઇ એટલે શુદ્ધ શ્રદ્ધા પણ રહેતી નથી. ૧૨૬

જ્યારે શુદ્ધ શ્રદ્ધા ન રહી ત્યારે સમ્યક્ત્વ ન રહ્યું અને સમકિત વિનાની સર્વ ક્રિયા ધૂળ પર લીંપણ જેવી નિષ્ફળ થાય છે. ૧૨૭

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વને યથાર્થ નિર્ધારી તે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર **આત્મપરિણતિ**પૂર્વકની શ્રદ્ધા હોય ત્યારે જ સમકિત થાય છે, દેવાદિ ત્રણે તત્ત્વો નવતત્ત્વમાં જ અંતર્ગત છે. ૧૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેશ્વર ભગવાને કહેલા શાસ્ત્રોને જાણનાર, શુદ્ધ દેવ, ગુરુને ધર્મની શ્રદ્ધાવાળા, જેમની ક્રિયા કેવળ નવાં કર્મોના બંધને રોકવારૂપ છે તેવા, ગુરુ પરંપરા પ્રમાણે પ્રાપ્ત થયેલી શુદ્ધ પ્રવૃત્તિ પ્રમાણે પ્રવર્ત્તનાર, હંમેશાં બીજાને ન ઠગનાર, સ્વસંવેદન જ્ઞાનને ધારણ કરનાર, ગીતાર્થ–આગમધર ને સમ્યક્ત્વવાન્ ગુરુ હોય તે જ સંસારસમુદ્રથી તારનાર સદ્‌ગુરુ છે. ૧૨૯

આગમધર અને સમ્યક્ત્વવાન્ ગુરુનું લક્ષણ એ છે કે–તેમની સઘળી ક્રિયાઓ ઉદાસીન ભાવે હોય, તેમજ સિદ્ધાંતને સત્ય માની પ્રવૃત્તિ કરનાર હોય, તેને મત–મમત્વનો સ્વપ્ને ખ્યાલ ન હોય, તેવા શુદ્ધ ગુરુનો મેળાપ થવો તે અતિ કઠણ છે. મહા સમુદ્રમાં તરવાને જેમ વહાણ પોતે સમર્થ છે અને તેને આશ્રયે રહેનારને પણ તારે છે તેમ, આગમધર અને આત્મજ્ઞાની–સમ્યક્ત્વવાન્ ગુરુ પોતે તરી પોતાનો આશ્રય કરનાર શિષ્યવર્ગને પણ તારનાર હોય છે. ૧૩૦

સ્વ–આત્મામાં પ્રત્યેક ધર્મસ્થાનો પ્રાપ્ત થયા પહેલા, યોગ્યતા આવ્યા પહેલા, બરાબર પરિણામ પૂર્વે વિધિજ્ઞાન અને સ્વરૂપ સમજ્યા વિના અન્યને ઉપદેશવા પ્રયત્ન કરવો એ વિના રસવતીએ ભોજનનો આગ્રહ કરવા બરોબર છે. ૧૩૧

એક વિદ્વાન્ ગણાતા મનુષ્યને અશુદ્ધ વ્યવસાયમાં પ્રવર્તતો દેખવામાં આવે ત્યારે સમજવું કે તેનું જ્ઞાન હજુ પ્રથમ પંક્તિ ઉપર જ છે. પ્રવૃત્તિમાં આત્માને લાભ–અલાભનો સદ્‌ભાવ જ્યાં સુધી તેના જ્ઞાનનો વિષય થાય નહિ ત્યાં સુધી જ્ઞાન આડંબર માત્ર રહે છે અને તેવા જ્ઞાનને શાસ્ત્રકાર અનેક પ્રસંગે અજ્ઞાન જ કહે છે. ૧૩૨

દુનિયાના તમામ ધર્મશાસ્ત્રોમાં પારદર્શિતા મેળવવામાં આવે, પણ જો પોતાના કર્ત્તવ્યો સમજવામાં ન આવે, પોતાનું ખરૂં ધ્યેય ધ્યાનમાં લેવામાં ન આવે, પોતાની દૃષ્ટિ આત્મસ્વરૂપને અભિમુખ કરવામાં ન આવે, તો તે ગમે તેટલી વિદ્વત્તા–ગમે તેટલી શાસ્ત્રપારદર્શિતા પણ ફોગટ છે. ૧૩૩

ઉત્તમ ભોજન કરવું તે શ્રેષ્ઠ છે પણ તેના અભાવે તદ્દન ભૂખે મરવું તેનાં કરતાં સામાન્ય ભોજનથી પણ પેટ ભરવું તે યોગ્ય છે. આ ન્યાયે જ્યાં સુધી નિવૃત્તિના કે પરમ શાન્તિના ઉત્તમ માર્ગમાં આવવાને પોતાની યોગ્યતા ન થાય ત્યાં સુધી ગૃહસ્થધર્મ અંગીકાર કરવો તે પણ શ્રેષ્ઠ છે, યોગ્યતા વધારવાનું તે પરમ કારણ છે. યોગ્યતા સિવાય ઉચ્ચ પદારોહણ કર્યા પછી ગુણોની વૃદ્ધિ કરવી એ મુશ્કેલભર્યું કામ છે. તેવાઓને તે પદથી પાછું પડવું પડે છે માટે યોગ્યતા ન હોય તો તે પદ સંપાદન કરવાની યોગ્યતા જ્યાં સુધી ન મેળવી શકાય ત્યાં સુધી થોડી પણ યોગ્યતાવાળો કે પોતાને લાયક યોગ્યતાવાળો ગૃહસ્થધર્મનો સ્વીકાર કરવો યોગ્ય છે. ૧૩૪

દોષયુક્ત ઊંચી પદવી કરતાં નીચી પદવી શ્રેષ્ઠ છે, પણ દોષયુક્ત થઇ સર્વોત્કૃષ્ટ પદને મલિન કરવું યોગ્ય નથી. સાધુ નામ ધરાવી આકારફેર કરી એના એ જ આરંભ પરિગ્રહાદિકમાં ફસાયા હોય, ત્યાગને નામે ઇન્દ્રિયાર્થ, માનાર્થ અને સંસારાર્થ સાધી રહ્યા હોય તો એ સર્વોત્કૃષ્ટ પદને મલિન કરે છે તેનાં કરતાં મર્યાદારૂપ આજ્ઞાના સાપેક્ષપણાયુકત નીચે નીચી પદવી શ્રેષ્ઠ છે. ૧૩૫

'**दृढप्रतिज्ञः**' દૃઢ પ્રતિજ્ઞા વગરના આત્માઓ ધર્મને માટે લાયક નથી. આ ઉપરથી ચોક્કસ ઠરે છે કે ધર્મદાતા ગુરુઓએ ધર્મ ચિંતામણિ દેતાં લેનાર યોગ્ય છે કે નહિ એ શાસ્ત્રવિધિ મુજબ જોવાની અનિવાર્ય ફરજ છે. ૧૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં મનુષ્યના હૃદયમાં અધિકારની પ્રભુતા આવી જાય છે ત્યાં ન્યાયની ઇચ્છા રાખવી તે વેળુથી તેલ કાઢવા બરાબર છે. ૧૩૭

જેઓ આત્મભોગ આપવાની તૈયારી બતાવ્યા સિવાય અને અધિકારની પ્રાપ્તિ વગર અધિપતિપણાનું પદ ધારણ કરે છે, તે પોતાની જાતને પણ મહાનુકસાન કરે છે. ૧૩૮

પક્ષપાતયુક્ત બુદ્ધિવાળો માણસ અંધશ્રદ્ધાથી વસ્તુતત્ત્વનો યથાસ્થિત વિચાર કરી શકતો નથી, તો પછી ગુણનો આદર અને દોષનો ત્યાગ તો શી રીતે જ કરી શકે? ૧૩૯

ભગવાનની સેવાનું ફળ નિર્વાણ અથવા મુકતતા પ્રાપ્ત થવારૂપ હોવું જોઇએ, ચિત્તશુદ્ધિ કરવા માટે અથવા મનનો અને ઇન્દ્રિયોનો નિરોધ કરવા માટે જો ક્રિયાઓ થતી હોય તો તેથી વિપરીત પરિણામ આવતું નથી પણ માત્ર ક્રિયાકાંડમાં જ અટકનારને મુકતતા પ્રાપ્ત થતી નથી. ૧૪૦

સાપવાદ પ્રવૃત્તિ તેને જ કહેવાય કે જેનાથી ચારિત્રના–આત્મકલ્યાણના માર્ગમાં સ્ખલના ન થાય અને ઉત્સર્ગ માર્ગની એકાન્ત પુષ્ટિ જ કરે તે જ સાચો અપવાદ છે. ૧૪૧

સિદ્ધાન્તનો અભ્યાસ, સ્વાધ્યાય વિગેરેનો અધિકાર" આઠ પ્રવચનમાતા વિષે અનુપયુકત મુનિને નિષેધ્યો છે, કારણ કે સિદ્ધાન્તના અભ્યાસથી જે કલ્યાણ સધાવું જોઇએ તે કલ્યાણ અનુપયુકત મુનિ સિદ્ધાન્તનો અભ્યાસ કરવા છતાં પણ સાધવા અસમર્થ બને છે. ૧૪૨

જે લોકો માત્ર શબ્દગૌરવપૂર્વક બીજાઓને બોધ દેવામાં કુશળ હોય છે, પણ પોતે પોતાને એ ઉપદેશોથી વિના કારણ જ મુકત સમજે છે. એવા લોકોનો ઉપદેશ નિરર્થક સિદ્ધ થાય છે તથા તેનાથી વસ્તુતઃ કાંઇ લાભ થતો નથી. આજના મોટા ભાગના ઉપદેશકો, શિક્ષકો, અધિકારીઓ અને નેતાઓમાં આ દોષ સાંભળવામાં આવે છે, તેથી જ તેઓ પોતાના ઉપદેશદ્વારા સુધારો કરવામાં તથા જનતાને કુમાર્ગથી હઠાવી સન્માર્ગ પર લાવવામાં નિષ્ફળ નીવડે છે. ૧૪૩

મુખ્યત્વે કરીને ઉપદેષ્ટાના અંતરમાં સમતા રમી રહી હોય, માધ્યસ્થભાવ જાગૃત હોય, મત–મમત્વના પક્ષવર્તુલનો ત્યાગ કર્યો હોય તો જરૂર મધુર વચનોથી શ્રોતાના મન ઉપર તેવી જ સારી અસર કરી શકે છે, પણ જો તેના મનમાં જ કોઇ બીજી વાત વસી હોય તો ગર્ભિત કે અગર્ભિત–સીધી કે આડકતરી ટીકાઓ કરી ઉભયના હિતને નુકસાન કરે છે; માટે જ વકતાએ માધ્યસ્થતા, પક્ષત્યાગ, વિનય અને વચનશુદ્ધિ રાખવાની આવશ્યકતા માની છે. ૧૪૪

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્યગ્જ્ઞાનની કૂંચી—

# યોગની અદ્‌ભુત શક્તિ

( ગતાંક પૃષ્ઠ ૫૭ થી શરૂ ).

મૂળ લેખક : સ્વ૦ બાબુ ચંપતરાયજી જૈની; બાર-એટ-લૉ.

આત્મા અનંત જ્ઞેય હોવાથી ચિરકાળ તો શું પણ અનંત કાળ સુધી તેનું ધ્યાન થઇ શકે. આત્માનાં એકાગ્ર ધ્યાનમાં ચિત્તને શાશ્વત કાળ પર્યંત અનેરો આનંદ થયા કરે. આત્મજ્ઞાનનું મહત્ત્વ આમ અનંત છે. આથી સર્વ શાસ્ત્રોમાં આત્મજ્ઞાનનાં મહત્ત્વને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

દરેક ધર્મના સ્થાપકે પોતપોતાના સમયની જરૂરીઆત તેમજ પોતાના ક્ષયોપશમ અનુસાર યોગનાં કોઇ ને કોઇ કે સર્વ સ્વરૂપો ઉપર અત્યંત ભાર મૂકયો છે એમાં કંઇ શંકા નથી.

પરમાત્માની ઇચ્છાને પોતાનાં સર્વસ્વનું સમર્પણ કરવું અને એ રીતે ત્યાગભાવનું સેવન કરવું એવો પયગંબર મહંમદે પોતાના અનુયાયીઓને ઉપદેશ આપ્યો હતો.* જીસસે પોતાના ઉપદેશમાં જ્ઞાન, શ્રદ્ધા અને સંન્યાસને ખાસ મહત્ત્વ આપ્યું છે. ઘણાખરા ધર્મોના સંસ્થાપકોએ પ્રાયઃ એકાગ્રતા, જ્ઞાન, શ્રદ્ધા અને સંન્યાસને જ પોતાના બોધમાં પ્રાધાન્ય આપ્યું છે એમ સ્પષ્ટ જણાય છે.

આત્માનાં દિવ્ય સ્વરૂપમાં અજ્ઞાન અને શરીર આદિ ભૌતિક વસ્તુઓના વ્યામોહને કારણે, આત્માની ઉન્નતિ નથી થતી. આત્મા સદા અનાથ સ્થિતિમાં જ રહે છે, પરમાત્મપદના માર્ગથી તે પરાઙ્મુખ બને છે. આથી પોતાનાં દિવ્ય સ્વરૂપમાં શ્રદ્ધાની પરિણતિ થવી એ જીવનનું પ્રથમ અને મહાકાર્ય થઇ પડે છે.

આત્મા અને ભૌતિક વસ્તુઓમાં એકતાની ભાવનાનો ઉચ્છેદ એ એકાગ્ર વૃત્તિનું પ્રધાન ધ્યેય હોવું જોઇએ. એ ધ્યેયની સિદ્ધિ થતાં અહંભાવ, સ્વાર્થવૃત્તિ આદિનો ઉચ્છેદ થતાં, આત્માને મુક્તિની પ્રાપ્તિના વિચારોમાં જ રસ લાગે છે. માતા જેમ પોતાનાં બાળક ઉપર અપૂર્વ સ્નેહ રાખે છે અને તેને માટે સર્વસ્વનો ત્યાગ કરવા પણ ઉદ્યત હોય છે તે પ્રમાણે ભક્તવત્સલ પ્રભુ રૂપ માતા પોતાનાં પ્યારા ભક્તરૂપ બાળક માટે સર્વ કંઇ કરવા સર્વદા ઉત્સુક જ હોય છે એમ ઇશ્વરને જગન્નિયંતા તરીકે ગણનારા ભકતો માને છે.

સંપૂર્ણ પરિત્યાગ એટલે પરમ આધ્યાત્મિક આદર્શની ઉચ્ચ ભક્તિ એ ખરા પરિત્યાગનું રહસ્ય છે.

* પરમાત્માની ઇચ્છાને પોતાનાં સર્વસ્વનું સમર્પણ કરવું એટલે વ્યક્તિગત ઇચ્છાનો વિનાશ. ખરો ભક્ત ઇંદ્રિયોદ્વારા જે જે કાર્યો કરે છે તે સર્વ કાર્યો પ્રભુ પ્રીત્યર્થે જ થાય છે. પરમાત્માની કોઇ આજ્ઞા પોતાને રુચિકર ન હોય છતાં પણ ખરો ભકત પરમાત્માની આજ્ઞાનું સહર્ષ પાલન જ કરે છે. જે હોવાહુની આજ્ઞાથી અબ્રાહામ પોતાના પુત્રની કુરબાની આપવા તૈયાર થયેલ અને એ રીતે તેણે જે મહાન્ આત્મભોગની વૃત્તિ દાખવેલ તેવી જ કંઇ આત્મભોગની વૃત્તિ પ્રભુના ભક્તમાં હોય છે. પોતાનું કાર્ય નિઃસ્પૃહ વૃત્તિથી કરતાં, ભાગ્યવશાત્ કોઇ અનિષ્ટ પરિણામ આવે તો ભક્તને તેથી ખોટું નથી લાગતું. પોતાનાં દુર્ભાગ્ય માટે તે પ્રભુનો દોષ નથી કાઢતો. પરમાત્માની કોઇ પણ આજ્ઞા શિરોમાન્ય ગણ્યાથી, પરમધ્યેયની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવી ખરા ભક્તને દૃઢ શ્રદ્ધા હોય છે. શ્રીકૃષ્ણે કહ્યું છે કે "તું પ્રભુનો જ આશ્રય લે. પ્રભુની કૃપાથી, તને ઉત્તમોત્તમ શાન્તિ મળશે. તને શાશ્વત્ નિવાસ-સ્થાન પણ મળશે. પ્રભુમાં જ તું મગ્ન થા. પ્રભુનો ભક્ત બની, પ્રભુ માટે જ તું આત્મત્યાગ કર્યા કર. પ્રભુને જ વંદન કર. આ રીતે તને પરમાત્માની પ્રાપ્તિ જરૂર થશે."-ભગવદ્‌ગીતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા પરમાત્મા વચ્ચે જે મહાન્ કાલ્પનિક અંતર છે તેનું નિવારણ થાય છે. આત્માનાં દિવ્ય સ્વરૂપમાં દૃઢ શ્રદ્ધા જાગે છે. પરમાત્મ-પદની પ્રાપ્તિ અશકયને બદલે સર્વથા શકય જણાય છે. પોતાનું સ્વલ્પ જણાતું ગૌરવ વસ્તુતઃ અનંત શકિતશાળી હોવાનો નિશ્ચય થાય છે.

મનુષ્યને જ્યારે જ્યારે સમય મળે ત્યારે તેણે એકાગ્ર ધ્યાનમાં અવશ્ય પ્રવૃત્ત થવું જોઇએ. એકાગ્ર ધ્યાનથી પોતાનાં દિવ્ય સ્વરૂપની શ્રદ્ધામાં દિનપ્રતિદિન વૃદ્ધિ જ કરવી જોઇએ. મનુષ્ય આ રીતે સત્ય માર્ગમાં ખૂબ આગળ જઈ શકે છે. થોડીક મિનિટની એકાગ્રતા પણ નિષ્ફળ નથી જતી, તેથી પણ ઘણાં સુંદર પરિણામ જરૂર આવે છે. એકાગ્રતાનું મહત્ત્વ કેટલું બધું છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ આથી મળી રહે છે.

આત્માનાં સચ્ચિદાનંદ પદનાં એકાગ્ર ધ્યાનથી, સત્ય સુખ ભૌતિક વસ્તુઓથી સર્વદા પર જ હોય એવો સુનિશ્ચય થાય છે. યોગી પુરુષો અને તેમનાં પરમ સુખની આધુનિક જનતાને પ્રાયઃ કલ્પના પણ નથી આવી શકતી. આથી યોગીઓ અને તેમનાં સુખમાં આધુનિક જનતાને ભાગ્યે જ કંઈ શ્રદ્ધા હોય છે: યોગીઓ એક પ્રકારના અંધશ્રદ્ધાળુ મનુષ્યો છે એવી સામાન્ય માન્યતા પ્રવર્ત્તે છે. સુખનું રહસ્ય યથાર્થ રીતે ન સમજનારા મનુષ્યો યોગીઓના તેનાથી અનુભવિત થતાં પરમ સુખની ટીકા કરે એમાં આશ્ચર્ય જેવું કશું યે નથી.

સુંદર ભોજન, સુંદર ગૃહ, દ્રવ્યવિગ્રહ, હિંસા આદિ કોઈમાં વસ્તુતઃ સુખનો છાંટો નથી. ઉચ્ચ પદવી અન્યની નિન્દા આદિથી આત્માને સ્હેજ પણ સુખ નથી મળી શકતું. ઇંદ્રિય–લાલસાઓ સર્વદા દુઃખજનક જ છે. આ પ્રમાણે આત્માથી પર કોઈ પણ વસ્તુઓમાં સત્ય સુખ નથી જ. આથી અનાત્મીય વસ્તુ-ઓમાં સુખ શોધવા જતાં સુખ ન મળ્યાથી મનુષ્ય આખરે હતાશ બને છે. દુઃખના વિસ્મ-રણ નિમિત્તે વિવિધ પ્રકારનાં કૃત્રિમ ઉત્તેજકો કે આશ્વાસનો તેને કશાંયે કામમાં નથી આવતાં.

ખરું સુખ આત્માનાં બંધનોના વિચ્છેદ-માં જ છે. આત્માની અનાથ દશા અને સાંસારિક આધિ ઉપાધિનું જેટલે અંશે નિવારણ થાય તેટલે અંશે આત્માને સત્ય સુખની પરિણતિ થાય છે. પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને ભ્રાતૃ-ભાવથી, સત્ય સુખ સાહજિક રીતે નિષ્પન્ન થાય છે. વિશુદ્ધ પ્રેમ અને શુભ ભાવનાથી મનુષ્ય કુદરતના મહાન્ ઉપહારરૂપ સત્ય જીવન પ્રાપ્ત કરે છે. મનુષ્ય મૃત્યુનો વિજેતા બને છે. તે આધિ, વ્યાધિ અને પ્રારબ્ધથી સર્વથા પર થાય છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મદનો શિકાર

'**समयं मा पमाए**' ક્ષણનો પણ પ્રમાદ ન કરીશ એવું શ્રી ગૌતમસ્વામી પ્રત્યે પરમાત્મા શ્રી મહાવીર દેવનું વચન કેવું ટંકશાળી છે, એ આપણે વિવિધ ચિત્રોદ્વારા જોઇ ગયા. આજે એ વાત ખુદ કથકના પૂર્વભવની વાત વિચારી વધુ દૃઢ કરી સ્વહૃદયમાં અંકિત કરવાની છે.

સત્ સમાગમના યોગે-સંતની મધુરવાણીએ અને પેટવરામાં પુન્ય વરો કરવાના ગુણથી અકસ્માતિક પ્રાપ્ત થયેલ સુપાત્રદાનના માહાત્મ્યથી નયસાર નામા એક સામાન્ય કક્ષાનો જીવ ભવસાગરમાં જોરથી ઉપર આવે છે એટલું જ નહીં પણ બીજે ભવ સ્વર્ગીય સુખોનો માણી ત્રીજામાં આ મનુષ્ય લોકમાં સર્વશ્રેષ્ઠ ગણાતા ઇક્ષ્વાકુવંશમાં ભરતક્ષેત્રમાં જેમની એકધારી આણા વર્તે છે એવા ચક્રવર્તી ભરતરાજને ત્યાં મરીચિ નામા પુત્રપણે અવતરે છે.

કાષ્ઠ ફડાવી જીવનનિર્વાહ કરનાર આત્મા માત્ર મામુલી પળોના સંતસમાગમથી પોતાના જીવનમાં જે પ્રગતિનો વેગ દાખવે છે એ સાચે જ પ્રશંસાપાત્ર છે અને એમાં ખુબી તો એ છે કે ચક્રવર્તીના ઘરના આનંદપ્રમોદમાં ન લોભાતાં મરીચિ પુનઃ દોટ મૂકે છે અને પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવના હસ્તે દીક્ષિત થઈ પવિત્ર એવા શ્રમણ જીવનમાં અંતરના ઉભરાતા પ્રેમે પ્રવેશ કરે છે. રાગને લાત મારી ત્યાગનો પવિત્ર અંચળો ઓઢે છે. સાધુજીવન એ તો મુક્તિસુંદરીનો હાથ ગ્રહણ કરવાનું અનુપમ સાધન. વર્ષાદ્વારા જેમ ધાન્ય પાકે તેમ શુદ્ધ ચારિત્રના બળે મુક્તિ દોડતી આવે. ધાન્ય સાથે તૃણનો ઉદ્ભવ જેમ સહજ સંભવે તેમ મુનિજીવન માટે સ્વર્ગના સુખો એ તો સહજ ગણાય. આ પ્રકારની દશાના આંગણે ઉભનાર મરીચિ સાચે જ પ્રગતિના શિખર સન્મુખ આવી ચૂકયો છે એમ કહી શકાય.

પણ નાનકડો પ્રમાદ એક જ ભૂલ કરાવે છે અને એની પરંપરા વડની વડવાઇઓ માફક મોટા જુથમાં પરિણમે છે. ત્યાં ઉત્ક્રાંતિને પંથે પળેલા મુસાફરને જે સખત ચોટ લાગે છે તે એટલી તો કપરી હોય છે કે એમાં નથી રહેતા કાળના લેખાં કે નથી રહેતાં ઉપાધિના લેખા !!

પ્રથમ તીર્થંકરનું સાનિધ્ય છતાં ભાન ભૂલનાર મરીચિ એવી તો ભવજંજાળ વધારી મૂકે છે કે એ દરમિયાન બીજા બાવીશ તીર્થંકરો આ ભારતને અલંકૃત કરી જાય છે! હાથવેંતમાં આવેલી શિવસુંદરી એકાએક છુમંતર થઈ જાય છે અને મરિચીની એક જ ભૂલ એને અવનવા અનુભવ કરાવી કર્મરાજના તંત્રો કેવા જલદ અને વિષમ છે એ દેખાડી આપતાં પોકારે છે કે ક્ષણનો પ્રમાદ અતિશય હાનિકારક છે.

સાધુ મરીચિના મનમાં એક વેળા ગ્રીષ્મ ઋતુના આકરા સમયમાં સહજ વિચાર આવે છે કે આ મુનિજીવનના નિયમો મારાથી પળાય તેવા નથી. અતિ કઠીણ છે. એમાં અમુક છૂટછાટો શોધી કાઢી એ ત્રિદંડીવેષ ધારણ કરે છે. દીક્ષા છોડી નથી ઘેર જતો કે ભિક્ષા છોડી નથી જિહ્વાનો લોલુપી બનતો. પૂર્વવત્ જ્ઞાનધ્યાનમાં લીન રહે છે અને પ્રભુ શ્રી આદિજિનનો ત્યાગમાર્ગ અન્યને ઉપદેશે છે.

પણ કર્મરાજ વેશપલટાની નબળી કડી ભાળી ગયો. એક પગથિયું ચુકનાર એમ વિચારે કે એમાં શું ? માત્ર એક જ પગલું પાછળ ને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ..........વર્તમાન સમાચાર..........

## ગુરુભક્તિ મહોત્સવ.
### શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ૭૫ મી જન્મજયંતી.

પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ પંજાબ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ. ના પટ્ટધર પૂજ્યપાદ પંજાબકેસરી જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ **વિજયવલ્લભસૂરીશ્વરજી** મ. સાહેબની વિક્રમ સં. ૨૦૦૧ ના કાર્તિક સુદિ ૨ ના દિવસે ૭૫ મી વર્ષગાંઠના શુભ પ્રસંગે બીકાનેરના શ્રી સંઘે તેઓશ્રીનો જન્મ મહોત્સવ મોટા સમારોહ ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો અને તે બીકાનેરના ઇતિહાસમાં સ્વર્ણાક્ષરોથી અંકિત રહેશે. પંજાબના દરેક ગામ નગરોના ભક્તજનોએ લાભ લીધો હતો.

શ્રી રામપુરીઆ જૈન ભુવનના વિશાલ ચોકમાં એક ભવ્ય સુંદર મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. લાઉડ સ્પીકરની ગોઠવણ કરવામાં આવી હતી. તેમાં આસો વદિ બીજી ૧૩ તા. ૧૫-૧૦-૪૪થી કાર્તિક સુદિ ૩ તા. ૨૦-૧૦-૪૪ સુધી વિવિધ પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યા હતા.

**આસો વદિ બીજી ૧૩ તા. ૧૫-૧૦-૪૪** ના રોજ પંજાબથી ૪૦૦ ભાઇ બ્હેનો આવ્યા હતા. તેમનું સ્વાગત સ્ટેશન ઉપર કરવામાં આવ્યું હતું અને સ્ટેશનથી રામપુરીઆ જૈન ભુવનમાં આવી પૂજ્યપાદ આચાર્ય મ. સા. આદિ મુનિમંડળના દર્શન કર્યા હતા.

બપોરના મંડપમાં શ્રી પંચપરમેષ્ઠી પૂજા ભણાવવામાં આવી હતી અને રાતના નવથી દસ વાગ્યા સુધી શ્રી રીયલચંદજી ડાંગાના સભાપતિત્વમાં એક સભા થઇ હતી. વિદ્વાનોના વ્યાખ્યાનો થયા હતા.

**આસો વદિ ૧૪ તા. ૧૬-૧૦-૪૪** ના રોજ

---

પણ એ પગલું ધીમે ધીમે કેટલા ચુકાવે છે એ તો અનુભવે જ સમજાય!

વેશપલટામાં વિચરનાર મરિચીને ભરતરાજના મુખથી પોતાની ભાવિ પદવીઓનો ખ્યાલ આવે છે. કર્મરાજ આ તક ઝડપી લે છે. સાધુજીવન પળાવ્યું હતે તો અજીરણ નજ થતે પણ આચારની ઢીલાશે વિચારમાં પણ પરિવર્તન જન્માવ્યું! આત્માની અનંત શક્તિને કંઈ જ અશક્ય નથી. એના સાચા સ્વરૂપ આગળ પદવીઓ તો કંઇજ વિસાતમાં ન ગણાય પણ એ જાતની ઉચ્ચ વિચારણા વેગળી ગઈ અને ત્રિદંડી મરિચી ભરત રાજની આગાહીમાં તણાયા! અરે એ પર રાચ્યા અને માચ્યા!

આ રહ્યા એ શબ્દો—

'હું સર્વોત્તમ લેખાતા-જગત જે અધિકારો માટે આક્રંનના પોકાર પાડે એવા ત્રણ પદનો ભોક્તા થવાનો વાસુદેવ, ચક્રવર્તી, તીર્થંકર અને તે પણ કેવા સુંદર ક્રમમાં મારા દાદા શ્રી ઋષભદેવ પ્રથમ તીર્થપતિ, મારા પિતા ભરત મહારાજ પ્રથમ ચક્રવર્તી તેમનો પુત્ર હું ત્રિપૃષ્ટ નામા પ્રથમ વાસુદેવ, કુળની નજરે સર્વોત્તમતા અને જાતિની દ્રષ્ટિયે પણ તેટલી જ મહત્તા, મરિચી ઉપર વર્ણવ્યા ઘેનમાં કુળમદનો શિકાર બન્યા!

પદવીઓની વાત જેટલી સાચી હતી એટલી જ સાચી વાત વંશઉતારની હતી. પણ એ જોઇ મદ કરવાપણું ન હોય, એ જ્ઞાનીનું વચન. જે કુલાય એણે શીરે કરમાવાનું હોય જ એ વાત હવે પછી-

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંક્રાતી મહોત્સવ હોવાથી સવારના સભામંડપ જનતાથી ચિકાર ભરાઇ ગયો હતો. શરૂઆતમાં શ્રી મહાવીરપ્રભુની સ્તુતિ કર્યા બાદ લાલા રઘુવીરકુમારે 'ચરણો મેં ગુરૂ વલ્લભ મુઝકો ભી બિઠા લેના' નામનું ભજન મધુર સ્વરમાં ગાયું હતું. પૂજ્યપાદ શ્રી આચાર્યદેવે મહામંગલકારી, પ્રગટ પ્રભાવી, સર્વવિઘ્નનાશક સ્તોત્રો સંભળાવ્યા હતા અને ફરમાવ્યું હતું કે આજે સૂર્યદેવતાએ તુલાપ્રવેશ કર્યો છે તેથી કાર્તિક માસની શરૂઆત થઇ છે. ત્યારબાદ શ્રી દીપાવલી પર્વની કથા સંભળાવી હતી અને તેની આરાધના માટે સચોટ ઉપદેશ આપ્યો હતો તથા આ માસમાં આવનાર બીજા પણ જ્ઞાનપંચમી, ચૌમાસી ચૌદશ આદિ અનેક પર્વોના અને તીર્થંકર ભગવાનોના કલ્યાણક દિવસોના નામો સંભળાવી તેની આરાધના માટે ઉપદેશ આપ્યો હતો.

બપોરના મંડપમાં શ્રી મહાવીર પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી.

**આસો વદિ ૦)) તા. ૧૭-૧૦-૪૪** 'ભાવી જે હોય છે તે કોઇથી ટળી શકતું નથી.' આ કહેવતના અનુસારે માંગલિક દિવસોમાં પણ અચાનક એક શોકજનક ઘટના બની ગઇ. પૂજ્યપાદ આચાર્ય મ૦ સા૦ ના આજ્ઞાવર્તી વિદ્વાન સાહિત્યાચાર્ય પૂજ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મ૦ નો પરોઢીએ સાત વાગે સ્વર્ગવાસ થઇ જવાથી તે દિવસનો સર્વ પ્રોગ્રામ બંધ રાખી અંતક્રિયા કરવામાં આવી હતી. અને સર્વ મુનિએ દેવવંદન કર્યું હતું. સાંજના કોચરોના ચૌકમાં શ્રીમાન બાબુ મોહનલાલજી એડવોકેટની અધ્યક્ષતામાં એક શોકસભા ભરવામાં આવી હતી.

**કાર્તિક સુદિ ૧ તા. ૧૮-૧૦-૪૪** ના રોજ સવારના નવ વાગે પૂજ્યપાદ આચાર્ય મ૦ સા૦ આદિ સાધુમંડલની હાજરીમાં સભા થઇ હતી. પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબે 'વિશ્વવ્યાપી ધર્મ' એ વિષય ઉપર પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું હતું.

બપોરના શ્રી ચારિત્રપૂજા ભણાવવામાં આવી હતી. મુંબઇના સુપ્રસિદ્ધ ગવૈયા પ્રાણસુખભાઇએ ખૂબ રંગ જમાવ્યો હતો.

રાત્રિના નવ વાગે શ્રીમાન જવાહરલાલજી નાહટાની અધ્યક્ષતામાં સભા થઇ હતી. વૈદ્ય જશવંતરાજજી જૈને 'જૈન સમાજ અને તેનું સંગઠન' તથા પંડિત રાજકુમારજીએ 'જૈનધર્મ' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. તથા અહીંના પ્રસિદ્ધ વિદ્વાન પંડિત દશરથજી શર્મા જેઓ શ્રીમાન નામદાર મહારાજકુમાર સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી છે તેઓએ 'જૈન ઇતિહાસ'ના વિષય ઉપર માર્મિક ભાષણ આપ્યું હતું. તેમણે વર્તમાન તીર્થંકરો મહારાજ પ્રચારિત જૈનધર્મના સ્વરૂપનું વર્ણન કર્યું હતું. અને શ્રી હરિભદ્રસૂરિજી મ૦ તથા શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ તથા શ્રી કુમારપાલ મહારાજાએ જૈનધર્મના પ્રચારાર્થે કેવો ભોગ આપ્યો હતો તેનું વર્ણન કર્યું હતું.

અંતમાં સભાપતિજીએ જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો ઉપર વિવેચન કર્યું હતું.

**કાર્તિક સુદિ ૨ તા. ૧૯-૧૦-૪૪** સવારના ૮।। આઠ વાગે પૂજ્યપાદ આચાર્ય મહારાજ સા૦ આદિ સાધુ મંડળની હાજરીમાં શ્રીમાન્ શેઠ મંગલચંદજી ઝાબકના સભાપતિત્વમાં સભા થઇ હતી.

મુંબઇના પ્રસિદ્ધ ગવૈયા પ્રાણસુખભાઇએ ગુરુ સ્તુતિ ગાઇ હતી. ત્યારબાદ જંડીયાલા ગવર્નમેંટ હાઇસ્કુલના હેડમાસ્તર બાબુ જેચંદભાઇએ હીરક મહોત્સવ નાયકના જીવનચરિત્ર ઉપર બહુ સારો પ્રકાશ પાડયો હતો. જન્મથી લઇને આ ૭૫ મી વર્ષગાંઠના હીરક મહોત્સવ સુધીનું વર્ણન વિસ્તાર સહિત કર્યું હતું.

એવં અનેક સંસ્થાઓ, સભાઓ અને શેઠીઆ શાહુકારો તરફથી બહારગામથી આવેલાં સંદેશાઓ સંભળાવ્યા હતા અને ત્રીશ માનપત્રો વાંચી સંભળાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ આચાર્ય મ૦ સા૦ ની ૭૫ મી વર્ષગાંઠની ખુશાલીમાં નીચે મુજબ સખી સદ્‌ગૃહસ્થોએ સ્વર્ગસ્થ ગુરુદેવના નામની મુખ્ય સંસ્થા શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ ગુજરાંવાલાને સારો ફાળો આપી ગુરુભક્તિનો પરિચય આપ્યો હતો.

**બીકાનેરથી આવેલી રકમો:—**

રૂા. ૫૦૦૦) શેઠ રાવતમલજી ભૈરૂદાનજી કોઠારી.
રૂા. ૫૦૦૦) શેઠ જ્ઞાનચંદજી મગનલાલજી
રૂા. ૩૦૦૦) શેઠ રતનલાલજી ચોરડિયા
રૂા. ૧૦૦૦) શેઠ ભૈરૂદાન પ્રસન્નચંદજી કોચર
રૂા. ૧૦૦૦) શેઠ ભૈરૂદાન લહરચંદજી સેઠી
રૂા. ૧૦૦૦) શેઠ લક્ષ્મીચંદ ફતેહચંદજી કોચર
રૂા. ૧૦૦૦) શેઠ ગોરૂમલ મેઘરાજજી કોચર
રૂા. ૧૦૦૦) શેઠ સોહનલાલજી કરણાવટ
રૂા. ૧૦૦૦) શેઠ નેમચંદજી માનમલજી કોચર
રૂા. ૧૦૦૦) શેઠ રામરતનજી કોચર
રૂા. ૧૦૦૦) શેઠ શિવબકસજી મેઘરાજજી કોચર
રૂા. ૨૧૦૦) સા. શ્રી દેવશ્રીજી કે ઉપદેશ સે શ્રાવિકા સંઘ

**અન્ય સ્થાનોથી આવેલી:—**

રૂા. ૫૦૦૦) લા. લબ્ભામલ ટેકચંદજી અમૃતસર
રૂા. ૧૦૦૩) શા. ભાઈચંદ અમૃતલાલ વડોદરા
રૂા. ૧૦૦૦) શા. જેસિંગભાઇ ઉગરચંદ અમદાવાદ
રૂા. ૧૦૦૦) શેઠ ચંદનમલ કસ્તુરચંદજી સાદડી મારવાડ
રૂા. ૧૦૦૦) શેઠ મોતીલાલ મૂલજી મુંબઇ
રૂા. ૧૦૦૦) શેઠ ધીરજલાલ જીવાભાઇ મુંબઇ

ત્યારબાદ આચાર્ય શ્રી લલિતસૂરિજી મ. સા. ફરમાવ્યું હતું કે શ્રી ગુરુદેવનો જે જન્મ મહોત્સવ ઉજવાય તેના સ્મારક તરીકે બીકાનેરમાં કોઇ સ્થાયી કાર્યો થવા જોઇએ. એક તો દેહરાસરોના જીર્ણોદ્ધારની વ્યવસ્થા અને બીજું જૈન કોલેજની સ્થાપના. જીર્ણોદ્ધારમાં રૂા. ૨૫૦૧) શેઠ રીધકરણજી ડાગાએ આપ્યા હતા.

અંતમાં પૂજ્યપાદ આચાર્ય મ. સાહેબે અભિનંદન પત્રોના જવાબમાં ફરમાવ્યું હતું કે જે મારા ઉપર વજનદાર બોજો લાવવામાં આવ્યો છે તેના માટે હું મારી જાતને યોગ્ય માનતો નથી. જ્યારે સકલ જૈન સમાજ એકદિલ થઇને છાતીથી છાતી મેળવીને કામ કરશે ત્યારે હું પોતાની જાતને મારા કાર્યક્ષેત્રમાં સફળ થયો માનીશ અને ત્યારે આ અભિનંદન પત્રોના ગુણો લાયક થયો છું એમ અનુભવીશ. અને શ્રી સંઘને ખાસ સૂચના આપી હતી કે આજે જે વરઘોડો નિકળવાનો છે તે કોનો નિકળશે તે તમો જાણો છો? કોઈ રાગીનો નહીં પરંતુ શ્રી વીતરાગ પ્રભુનો નિકળવાનો છે, માટે સર્વને પોતાના આત્માને વીતરાગી બનાવી લેવા જોઇએ.

રાત્રિના ૯ થી ૧૦॥ સુધી શ્રીમાન ગુલાબચંદજી ઢઢાની અધ્યક્ષતામાં સભા થઇ હતી અને પછી પ્રીન્સીપલ માન્યવર પંડિત વિદ્યાધરજી શર્માની અધ્યક્ષતામાં કવિ સમ્મેલન થયું હતું તેમાં બહારથી પધારેલા વિદ્વાનોના ભાષણો થયા હતા..

**કાર્તિક સુદિ ૩ તા. ૨૦-૧૦-૪૪** પ્રાતઃકાળ ૯ વાગે પૂજ્યપાદ શ્રી આચાર્ય મ. સા. આદિ સાધુમંડળની હાજરીમાં શ્રીમાન ફુલચંદજી ઝાબકની અધ્યક્ષતામાં સભા થઇ હતી. પંજાબ શ્રી સંઘે પંજાબ પધારવા તથા ગોડવાડ (મારવાડના) શ્રી સંઘે ગોડવાડમાં પધારવા વિનંતી કરી હતી. પૂજ્યપાદ આચાર્ય મ. ની ભાવના પંજાબ પધારવાની હોવાથી પંજાબની વિનંતિનો સ્વીકાર થયો હતો.

ત્યારબાદ રાયકોટના મુસલીમનેતા શ્રીમાન સંધીખાનજી જેઓ આચાર્યશ્રીજીના સદુપદેશથી લગભગ ચાર પાંચ વર્ષથી ઉચ્ચકુલીન હિન્દુ ખાનદાનની માફક આચારવિચાર પાળે છે તેમણે આ મહાપુરુષના ત્યાગમય જીવનની પોતાના ઉપર કેવી રીતે અસર થઈ તે સંભળાવી હતી.

બપોરના ત્રણ વાગે શ્રીમાન બાબુ સુરપતસિંહજી દુગડની અધ્યક્ષતામાં એક સભા થઇ હતી. શ્રી વિજય વલ્લભ અભિનંદન સમિતિના મંત્રી શ્રીમાન મેઘરાજજી કોચરે બહારગામથી સંદેશાઓ મોકલનાર, બહાર ગામથી પધારેલ અને આ કાર્યમાં તન મન ધનથી સેવા બજાવનાર સર્વ ભાઇ બ્હેનોનો આભાર માન્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. સેવા બજાવનાર ભાઇઓને સમિતિ તરફથી સભાપતિજીના વરદ હસ્તે ગોલ્ડન, સીલ્વર પદક અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્તિક સુ. ૧૫ ના રોજ પૂજ્યપાદ આચાર્ય મ. સા. સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા આદિ ચતુર્વિધસંઘ સાથે શ્રી તપગચ્છ દાદાવાડીએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો પટ્ટ જુહારવા પધાર્યા હતા.

**શહેર ભાવનગરમાં**—શ્રી જૈન આત્માનંદ સભામાં આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ભક્તિ નિમિત્તે કારતક શુદ ૨ ના રોજ સવારમાં સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. મુખ્ય દેરાસરમાં શ્રી આદિનાથ પ્રભુની આંગી રચાવવામાં આવી હતી. સાંજના પાંચ વાગે શેઠ શ્રી ગુલાબચંદ આણંદજીના પ્રમુખપણા નીચે સભા ભરવામાં આવી હતી. બિકાનેરની આમંત્રણ પત્રિકા વંચાયા બાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે આચાર્ય મહારાજના જન્મથી સં. ૨૦૦૦ની સાલ સુધી જીવનવૃતાંતો કેળવણીપ્રચાર વગેરે જૈન સમાજ ઉપર કરેલ ઉપકારોના કાર્યો વગેરે સંબંધી વિવેચન કર્યું હતું. છેવટે આવેલા સજ્જનોનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

**વડોદરા**—કારતક શુદ ૧ થી શુદ ૮ સુધી અઠ્ઠાઇ મહોત્સવ શ્રી આદિનાથ પ્રભુના મંદિરમાં કરવામાં આવ્યો હતો. અભિનંદનનો તાર બિકાનેર કરવામાં આવ્યો હતો. કારતક શુદ ૨ રાત્રિના શ્રી સંઘ મળતાં પંડિત લાલચંદ ભગવાનદાસે પ્રશસ્તિ કાવ્યપંચક સંભળાવ્યા બાદ કવિ ભોગીલાલ રતનચંદે શ્રી વલ્લભ જીવન વ્યાખ્યાન સુંદર શૈલીમાં ગાઇ બતાવ્યું હતું વગેરે કાર્યો થયા હતા. પુના મુંબઇ વગેરે સ્થળો સિવાય કરજન, પંજાબ, લાહોર વગેરે સ્થળે પણ ગુરુભક્તિ નિમિત્તે કારતક શુદ ૨ ના રોજ હીરક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

## મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના દક્ષિણવિહારી, સ્વર્ગસ્થ શિષ્ય શ્રી અમરવિજયજી મહારાજના શિષ્યરત્ન, સાહિત્યાચાર્ય, પૂજ્ય, શાંતમૂર્તિ શ્રી **ચતુરવિજયજી મહારાજ** સાહેબ શાંત પ્રકૃતિના હતા. વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી જે જૈન ગ્રંથો પ્રગટ થાય છે તે ગ્રંથોનું સંશોધનકાર્ય અને બીજા પણ અનેક સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોનું સંપાદન અને સંશોધન તેમણે કર્યું હતું. ગુજરાતથી લાંબો વિહાર કરી બીકાનેર આચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબના ખાસ દર્શનાર્થે અહિં આવ્યા હતા અને ચાતુર્માસ અહિં રહ્યા હતા. તે લગભગ બે માસની માંદગી ભોગવી આસો વદ ૦)) ની સવારે ૭ વાગે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીના સ્વર્ગવાસથી ચારિત્રપાત્ર, વિદ્વાન મુનિવર્યની જૈન સમાજને ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

## તપસ્વી મુનિરાજશ્રી વિક્રમવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

જન્મભૂમિ પાલનપુર ઓસવાળ જ્ઞાતિ તેમની હતી. મુનિરાજ શ્રી વિક્રમવિજયજીએ સંવત્ ૧૯૮૩ ની શાલમાં દીક્ષા અંગિકાર કરી હતી અને પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શિષ્ય થયા હતા. સદ્ગત મહારાજશ્રી ગુરૂભકત, ચારિત્રપાત્ર, સારા અભ્યાસી અને કરોડો નવકાર મંત્રનો જાપ જીવનમાં કર્યો હતો, કારતક વદી ૧ ના રોજ રાત્રિના બિકાનેરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેથી એક ચારિત્રરત્ન મુનિવરની સમાજનાં ખોટ પડી છે, તેમના સ્વર્ગવાસી આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના ગ્રંથો

## શ્રી દાનપ્રદીપ-ગ્રંથ.

**અમારા દરેક ગ્રંથો ઉંચા કાગળો ઉપર સુંદર અક્ષરોથી છપાયેલ પાકા કપડાના બાઇડીંગથી બાંધેલા હોય છે.**

**દરેક જૈનબંધુઓએ પોતાના ઘરમાં, લાઇબ્રેરીમાં, મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથો રાખવા જ જોઇએ.**

( જીન આગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જીનશાસનરૂપી મહેલમાં દાનરૂપી દીવાને પ્રકટ કરાવનાર અપૂર્વ ગ્રંથ; જેમાં અનેક મહાન પુરૂષોની જેમાં રસયુક્ત કથાઓ આપવામાં આવેલ છે. ) ધર્મના ચાર પ્રકાર દાન, શીયળ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય હોઇને દાન તીર્થંકર ભગવાન ચારિત્ર લીધા પહેલા એક વર્ષ પર્યંત આપે છે અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં દાનધર્મની દેશના આપે છે, તેજ દાનધર્મનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. આ દાનધર્મના પાંચ ભેદો અને ઉત્તર ભેદો વિસ્તારપૂર્વક વિવેચન અને સાથે દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન પુરૂષોના ત્રીશ અદ્ભૂત ચરિત્રો, રસ યુક્ત કથાઓ બીજી અનેક અંતર્ગત કથાઓ અને બીજી અનેક જાણવા યોગ્ય હકીકત આપવામાં આવેલ છે. દાનધર્મ માટે આવો એક પણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી આ ગ્રંથ આદ્યંત વાંચતા કોઈપણ મનુષ્યને તે દાનધર્મ આદરવા તત્પરતા થતા જલ્દીથી આત્મકલ્યાણ સાધી મોક્ષને નજીક લાવી શકે છે. પાના ૫૦૦ કિંમત રૂા. ૩-૦-૦

## શ્રી પ્રભાવક ચરિત્ર.

**( જૈન ઐતિહાસિક ગ્રંથ. )**

આ ઐતિહાસ કથા સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજની સુંદર કથાઓ છે. જે મહાન આચાર્યોનો પરિચય આપ્યો છે, તેમાં તે વખતની સામાજિક, રાજકીય, ધાર્મિક, પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી બીજી જાણવા યોગ્ય હકીકતો આપી અનુપમ કથાનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. ઐતિહાસિક દૃષ્ટિએ આવેલા તમામ વર્ણનોની ઘટના સત્ય અને પ્રમાણિક છે, જેથી કેટલીક શિક્ષણ શાળાંઓમાં ધાર્મિક અભ્યાસ ક્રમમાં ઇતિહાસ તરીકે તેને સ્થાન મળેલ છે. વાંચતાં પણ આનંદ થાય તેમ છે પાના શુમારે સાડાશેંહ કિંમત રૂા. ૨-૮-૦.

**આપણી જૈન કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે જૈન શાળાઓના અભ્યાસક્રમમાં દાખલ કરેલ હતો.**

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ **શ્રી હરિભદ્રસૂરિ** કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે. અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે. જે વાચક જૈનધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અને વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨–૦–૦

## શ્રી ધર્મ પરિક્ષા.

### ( શ્રી જીનમંડનગણી વિરચિત )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાઓ કરી ગ્રહણ કરાય છે તેમ તેવા પ્રકારની પરીક્ષા ( ગુણો ) એ કરીને ધર્મ ગ્રહણ કરવો. તેના **આઠ ગુણોનું** વિસ્તારપૂર્વક વિવેચન, ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતા હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જીજ્ઞાસા થાય તેવી જુદી જુદી **દશ કથાઓ** આ ગ્રંથમાં આપવામાં આવે છે. આત્માના દ્રવ્ય–ભાવરૂપી રોગોને દુર કરવા માટે રસાયન રૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મ રજને દૂર કરી આત્માને અત્યંત નીર્મળ કરનાર સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમ પદને–મોક્ષના અધિકારી બનાવે છે. બસેંહ ઉપરાંત પાના છે. કિંમત રૂા. ૧–૪–૦

## શ્રી કુમારપાળ પ્રતિબોધ.

### ( સુંદર ચિત્રો સહિત. )

જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય રાજા કુમારપાળ મહારાજને સમયે સમયે જૈન ધર્મનો બોધ વિવિધ વ્યાખ્યાન દ્વારા તે તે વિષયોની અનેક સુંદર કથા સહિત આપેલ છે કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈન ધર્મનો સ્વીકાર ( શીવ ધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો અને સનાતન જૈન ધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે જૈનધર્મની અતુલ પ્રભાવના, જીવદયાનો ( અહીંસાનો વગડાવેલ ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય, વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્ય પાલના ) નૃપતિની ઉચ્ચ ભાવના નીત્ય સ્મરણ વગેરે અનેક વર્ણનો સરલ સુંદર રસિક હોવાથી દરેક વાચકના હૃદય ઓતપ્રોત થઇ જતા વૈરાગ્યરસથી આત્મા છલકાઇ થઇ મોક્ષનો અભિલાષિ બને છે.

સાહિત્ય સાગરના તરંગોને ઉછાળનાર, શાંતરસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય, જનોને રસભર કથાઓના પાન સાથે સત્ય ઉપદેશ અને સત્ય જ્ઞાનનું અમૃતનું પાન કરાવનાર આ ગ્રંથના લેખક **શ્રી સોમપ્રભાચાર્ય** મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન હતા. આ ગ્રંથ કુમારપાળરાજાના સ્વર્ગવાસ પછી ૧૧મે વર્ષે જ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તે જ સાચો પુરાવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથના પઠન-પાઠનથી મહા મંગળરૂપ ધર્મ તેની પ્રાપ્તિ થતા આત્મ જ્ઞાનની ભાવનાઓ પ્રગટના નિર્મળ સમ્યકૃત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રગટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે.

પાંચસેહ પાનાનો આ ગ્રંથ છે કિંમત રૂા. ૩-૧૨-૦.

## શ્રી પંચપરમેષ્ઠી ગુણ રત્નમાળા.

વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું અપૂર્વ વિસ્તારપૂર્વક વર્ણન ) આટલું સરલ સુંદર અન્ય કોઇપણ ગ્રંથમાં પ્રગટ થયેલ નથી.

સકલ મંત્ર શિરોમણી અને ગુણ કલ્પ મહોદધિ ચૌદ પૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહા મંત્ર કે જેનો મહીમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે. નવ લાખ વાર વિધિપૂર્વક જાપ કરતાં નર્કનું નિવારણ થતાં ભવનો પાર પામે છે-મોક્ષે જાય છે એમ શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહા મંગળકારી પંચપરમેષ્ઠીરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઇને તેનો ચમત્કાર, પ્રભાવ, તથા તેનું ફળ ઉદાહરણપૂર્વક વિસ્તારથી આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જેના અભ્યાસ અને આરાધનથી માનવ જન્મ સફળ થાય છે.

જીનેશ્વર ભગવાને પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું ધ્યાન ધરવા ખાસ ફરમાન કરેલ છે તે તે ગુણોનું અપૂર્વ વર્ણન આપવામાં આવ્યું છે. પંચપરમેષ્ઠી અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચ્ચીશ, અને સત્તાવીશ, ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે. આ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે માત્ર નવકાર મંત્રનું ( શબ્દોનું ) ધ્યાન કરાય છે પરંતુ શાસ્ત્ર મહારાજનું કથન તો પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણના વર્ણનનું સ્મરણ મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે; જેથી ભવ્ય જનોના. ઉપકાર નિમિત્તે **શ્રી રામવિજયજી ઉપાધ્યાયજી મહારાજે** તે ગુણોનું અપૂર્વ, સુંદરતાને, સરલ, મોક્ષદાયી વર્ણન અનેક **ચમત્કારીક કથાઓ અને દ્રવ્યાનુયોગની હકીકતો અને શાસ્ત્રોની સાક્ષો આપી** મોક્ષના અભિલાષિઓ માટે એક અલૌકિક રચના કરી છે. કિંમત રૂા. ૧-૮-૦

## શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની ચાર કથાઓ.

આ ઉપદેશક કથાના ગ્રંથ કર્તા મહાન ધુરંધર વિદ્વાન્ આચાર્ય શ્રી **મુનિ સુંદરસૂરીજી મહારાજ** છે. આ મહાન્ આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે, તેમાં આવેલ **( ૧ ) શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીર શુભાની** કથા ( ૨ ) દાનાદિ પુણ્ય ફળ ઉપર **ધર્મધનની કથા** ( ૩ ) શ્રાવક ધર્મની આરાધના વિરાધના ઉપર **સિદ્ધદત્ત કપિલની** કથા અને ( ૪ ) ચાર નિયમ પાળવા ઉપર **સુમુખનૃપાદિ ચાર મિત્રોની કથા** આ ચાર કથાઓ એટલી બધી સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતા પૂર્ણ, ચમત્કારીક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમ રોમ વિકસ્વર થતાં, ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે આત્મિક ગુણોને ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, દરેક મનુષ્ય પોતાના આત્માને મોક્ષ નજીક લાવી મુકે છે. ઘણીજ થોડી નકલો સીલીકે છે માટે જલ્દી મંગાવો કિંમત રૂા. ૧-૪-૦

## જૈન નરરત્ન ભામાશાહનું જીવન ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી તેમજ દેશમાં. સમાજમાં પણ દેશ અને સમાજ સેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવન જોશભેર ફુંકાતો હોવાથી મનુષ્યો તેવી સેવા કરવા ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસ પ્રસિદ્ધ **જૈન કુળભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસીક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજ પ્રેમ-સેવા અને **શ્રીમાન્ હીરસૂરીશ્વરની** અહોનીશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથેસાથ ઉભા રહી ધર્મ પ્રેમના પ્રકાશો પાડી રહેલ છે. જે વાંચતા તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇએ છીએ. શુમારે છત્રીશ ફોર્મ ત્રણસે પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાતી સુશોભીત બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૦-૦

---

## સ્ત્રી ઉપયોગી સુંદર ચરિત્ર.

### સતી સુરસુંદરી ચરિત્ર.

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળા નાગને શાંત કરવામાં જાપ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્ભુત રસિક કથા ગ્રંથ ).**

આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ધનેશ્વરમુનિની આ સતી શિરોમણી સ્ત્રી ઉપયોગી કથાની રચના જૈન કથા સાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાઇ છે. વૈરથી ધગધગતા અને રાગ મોહથી મુંઝાતા હૈયાને શાંત બનાવવાની કળા, કુશળતા અને તાર્કિકતા, કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્ભુત રીતે બતાવી છે.

પ્રાચીન શૈલીએ લખાયેલ આ કથાને બની શકે ત્યાં સુધી આધુનીક શૈલીએ મૂળ, વસ્તુ અને આશય, એ તમામ સાચવી સરલ રીતે આ ગ્રંથની રચના કરવામાં આવી છે.

પ્રથમ કથા ચરિત્ર, પછી કેવળી ભગવાનની ઉપદેશ ધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશક શ્લોકો અર્થ સાથે ગોઠવીને આધુનિક પદ્ધતિએ પ્રગટ કરેલ છે.

રસદષ્ટિ, ઉપદેશ, ચરિત્ર કથા, અને પ્રાચીન સાહિત્યની દષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ રત્ન છે. કિંમત રૂા. ૧-૮-૦ છે.

---

## વીશસ્થાનક તપ પૂજા ( અર્થ સાથે )

### વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત.

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો, વિગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વિશસ્થાનક તપ એ તિર્થંકર નામ કર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. આ ગ્રંથમાં શ્રી વીશસ્થાનક તપનું મંડળ છે, જે કોઇ અત્યાર સુધી જાણતું પણ ન હતું, છતાં અમે ધણી શોધખોળ કરી, પ્રાચીન ધણીજ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો, બ્લોક, કરાવી છપાવી આ બુકમાં દાખલ કરેલ છે આ એક અમુલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જીનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ધરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે. કિંમત ૧-૦-૦ છે. દરેક ગ્રંથનું પોસ્ટ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૩. શ્રી વસુદેવ હિંડિ ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાધતરૂપ આ ગ્રંથ છે. શુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રૂવ સાહેબે આ સભામાં પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથ મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હોય તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. આ ગ્રંથના અભ્યાસ સિવાય લખાયેલ ભારતનો ઇતિહાસ અપૂર્ણ રહેશે. આવા બહુમૂલ્ય ગ્રંથનું **ભાષાંતર** વિદ્વાનો પાસે તૈયાર થાય છે. **તેના પ્રકાશન માટે સહાયની જરૂર છે.** કોઇ ભાગ્યશાળી, પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથ સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક કથાઓ અને ઘણી જાણવા લાયક બીજી બાબતો આવેલી છે.

આ ગ્રંથમાં પૂરેપૂરી સહાય આપનારનું જીવનચરિત્ર અને ફોટો આપવામાં આવશે. આવો પ્રભાવશાળી, ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ–સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી જેથી કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુએ આ ગ્રંથ સાથે નામ જોડવા જેવું છે. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

---

૪ **શ્રી કથારત્ન કોશ.** તત્ત્વજ્ઞાનના અપૂર્વ પચાશ વિષયો ઉપર અનેક સુંદર કથાઓ સહિત શુમારે પ્રકટ થશે. પાના ૫૦૦ પાંચશેંહ.

૩ **શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.** શ્રી દેવભદ્રાચાર્યકૃત શ્રી આદિનાથ ચરિત્ર જેવું સુંદર સચિત્ર, રસિક પાના શુમારે સાતશેંહ. અનેક સુંદર ભાવવાહી ચિત્રો સહિત.

**નીચેના ગ્રંથોની યોજના થાય છે.**

૧ **શ્રી અજિતનાથ** ચરિત્ર. ૨ **શ્રી સંભવનાથ** ચરિત્ર.

૩ **શ્રી સુમતિનાથ** ચરિત્ર. ૪ **શ્રી શ્રેયાંસનાથ** ચરિત્ર.

---

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

**શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને ગુજરાતીમાં તેનો ભાવાર્થ વિશેષાર્થ સહિત.**

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં ૭૨ દેવકુલિકામાં ચોવીશ રત્નની, ૨૪ સુવર્ણની તથા પીતળની અને ચોવીશ રૂપાની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના જિનેશ્વરોની પ્રતિમા બિરાજમાન હતી, અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીમાં ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ઉંચા આર્ટ પેપર ઉપર સુંદર શાસ્ત્રી અક્ષરથી પોથી આકારે છપાયેલ છે. ભાષા જ્ઞાનના અભ્યાસીઓ માટે ઉચ્ચ સાહિત્ય પુરૂં પડે છે. ૨૫૦ પાનાનો ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૦–૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તૈયાર છે !॥ श्री कथारत्न कोष ॥(कहारयण कोसो) તૈયાર છે !!

આ "કથારત્ન કોશ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલા છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે **સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા **૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા** જાણવાલાયક વિષયો ઉપર અનેક **અનુપમ કથારૂપી રત્ન ભંડાર** આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે તેમ પુરવાર થયેલ છે. ફોર્મ ૬૬ **પાના ૮૦૦ આઠસેંહ** ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઈપથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ.એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરુપ, ધાર્મિક, સમાજ, રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય અને પ્રમાણિક બધી માહિતીઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. સાથે આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કીંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તત્ત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી ( શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.

For Private And Personal Use Only